
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૯ * અંક-૨ * સપ્ટેમ્બર, ૨૦૨૪



# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે એકેન્દ્રિય વગેરે તથા પૃથ્વીકાયિક વગેરે 'જીવો' કહેવામાં આવે છે તે, અનાદિ જીવ-પુદ્‌ગલનો પરસ્પર અવગાહ દેખીને વ્યવહારનયથી, જીવના પ્રાધાન્ય દ્વારા (જીવને મુખ્યતા અર્પીને) 'જીવો' કહેવામાં આવે છે. નિશ્ચયનયથી તેમનામાં સ્પર્શનાદિ ઈન્દ્રિયો તથા પૃથ્વી આદિ કાયો, જીવના લક્ષણભૂત ચૈતન્યસ્વભાવના અભાવને લીધે, જીવ નથી. તેમનામાં જ, જે સ્વ-પરની જ્ઞપ્તિરૂપે પ્રકાશતું જ્ઞાન છે તે જ, ગુણ-ગુણીના કથંચિત્ અભેદને લીધે, જીવપણે પ્રરૂપવામાં આવે છે. ૬૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય ટીકા, ગાથા-૧૨૧ની ટીકા)

● ભાવકર્મ-ગુફામાં રાગદ્વેષમોહના પ્રકાશમાં છુપાયેલું સ્વરૂપ રહે છે તે પ્રકાશ તારા નાથનો અશુદ્ધ સ્વાંગ છે. તેમાં તું શોધ. ભય ન કર ! નિઃશંક જાણી એ રાગદ્વેષમોહની દોરી સાથે જઈ ખોળ. જે પ્રદેશથી (એ રાગદ્વેષમોહની દોરી) ઊઠી એ જ તારો નાથ છે. દોરીને ન જો. જેના હાથમાં એ દોરી છે તેને વળગ્યે તુરત મળશે. (તારો નાથ) પોતાના જ્ઞાનમહિમાને છુપાવીને બેઠો છે, તેને તું પીછાણ. આ ગુપ્ત જ્ઞાન થતાં એ નાથ છુપાઈ શકે નહિ. ત્યાં તું ચેતના પ્રકાશરૂપ ચિદાનંદરાજાને પામી સુખી થઈશ. ૬૩. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનુ-૯)

● મોક્ષાર્થી સજ્જનને માટે 'આત્મા' એવા બે અક્ષર જ બસ છે; તેમાં જે તન્મય થાય છે તેને મોક્ષસુખ હથેળીમાં છે. ૬૪.

(શ્રી નેમીશ્વર વચનામૃત-શતક, શ્લોક-૮૭)

● ટાંકીને ઉકેરી મૂર્તિકે સમાન અવિનાશી, સ્વભાવસે અમિટ યહ આત્મા હૈ. દર્શનમોહનીયકર્મમલકી મૂઢતાસે રહિત યહ આત્મા હૈ. આત્મા પરમાત્મસ્વરૂપ હૈ. શુદ્ધ જ્ઞાનમઈ હૈ. કર્મમલ રહિત પરમાત્મા હૈ. ૬૫.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૬૬૨)

● દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો (જ્ઞાયકભાવ) દુરંત કષાયચક્રના ઉદયની (કષાય સમૂહના અપાર ઉદયોની) વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી. (જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી.) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. ૬૬. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર, ગાથા-૬)

વર્ષ–૧૯
અંક–૧




વિ. સંવત
૨૦૮૦
September
A.D. 2024

# દશ ધર્મ

**उत्तमक्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिंचन्यब्रह्मचर्याणि धर्मः ॥६॥**



**અર્થ :—**[उत्तम क्षमा मार्दव आर्जव शौच सत्य] ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ શૌચ, ઉત્તમ સત્ય, [संयम तपः त्याग आकिंचन्य ब्रह्मचर्याणि] ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન્ય અને ઉત્તમ બ્રહ્મચર્ય [धर्मः] એ દશ ધર્મો છે.

૧. **પ્રશ્ન :—**આ દશ પ્રકારનો ધર્મ શા માટે કહ્યો?

**ઉત્તર :—**પ્રવૃત્તિને રોકવા માટે પ્રથમ ગુપ્તિ જણાવી; તે ગુપ્તિમાં પ્રવર્તવા જીવ જ્યારે અસમર્થ હોય ત્યારે પ્રવૃત્તિનો ઉપાય કરવા માટે સમિતિ કહી. એ સમિતિમાં પ્રવર્તનારા મુનિને પ્રમાદ દૂર કરવા માટે આ દશ પ્રકારનો ધર્મ જણાવ્યો છે.

૨. **ઉત્તમ—**આ સૂત્રમાં જણાવેલો 'ઉત્તમ' શબ્દ ક્ષમા વગેરે દશે બોલોને લાગુ પડે છે; તે શબ્દ ગુણવાચક છે. ઉત્તમ ક્ષમાદિ કહેવાથી અહીં રાગરૂપ ક્ષમા ન લેવી પણ સ્વરૂપના ભાનસહિત ક્રોધાદિ કષાયના અભાવરૂપ ક્ષમા સમજવી. ઉત્તમક્ષમાદિ ગુણો પ્રગટતાં ક્રોધાદિ કષાયનો અભાવ થાય છે; તેથી આસ્રવની નિવૃત્તિ થાય છે, એટલે કે સંવર થાય છે.

## ક્ષમાદિની વ્યાખ્યા નીચે પ્રમાણે છે—

**(૧) ક્ષમા**—નિંદા, ગાળ, હાસ્ય, અનાદર, માર, શરીરનો ઘાત વગેરે થતાં અથવા તો તે પ્રસંગ નજીક આવતાં દેખીને ભાવોમાં મલિનતા ન થવી તે ક્ષમા છે.

**(૨) માર્દવ—**જાતિ વગેરે આઠ પ્રકારના મદના આવેશથી થતાં અભિમાનનો અભાવ તે માર્દવ છે, અથવા તો પરદ્રવ્યનું હું કરી શકું એવી માન્યતારૂપ અહંકારભાવને જડમૂળથી ઉખેડી નાખવો તે માર્દવ છે.

**(૩) આર્જવ**—માયા–કપટથી રહિતપણું, સરળતા, સીધાપણું તે આર્જવ છે.

**(૪) શૌચ**—લોભથી ઉત્કૃષ્ટપણે ઉપશમ પામવું–નિવૃત્ત થવું તે શૌચ–પવિત્રતા છે.

**(૫) સત્ય**—સત્ જીવોમાં—પ્રશંસનીય જીવોમાં સાધુ વચન (સરળ વચન) બોલવાનો ભાવ તે સત્ય છે.

[**પ્રશ્ન :**—ઉત્તમ સત્ય અને ભાષા સમિતિમાં શું તફાવત છે?

**ઉત્તર :**—સમિતિરૂપે પ્રવર્તનાર મુનિને સાધુ અને અસાધુ પુરુષો પ્રત્યે વચન વ્યવહાર હોય છે અને તે હિત, મિત પ્રિય વચન છે. તે મુનિને શિષ્યો તથા તેમના ભક્તો (–શ્રાવકો)માં ઉત્તમસત્ય જ્ઞાન, ચારિત્રનાં લક્ષણાદિક શીખવા-શીખવવામાં ઘણો ભાષા વ્યવહાર કરવો પડે છે, તેને ઉત્તમસત્યધર્મ કહેવાય છે.]

**(૬) સંયમ**–સમિતિમાં પ્રવર્તનારા મુનિને પ્રાણીઓને પીડા કરવાનો ત્યાગ છે, તે સંયમ છે.

**(૭) તપ**—ભાવકર્મના નાશ માટે પોતાની શુદ્ધતાનું પ્રતપન તે તપ છે.

**(૮) ત્યાગ**–સંયમી જીવોને યોગ્ય જ્ઞાનાદિક દેવાં તે ત્યાગ છે.

**(૯) આકિંચન્ય**—વિદ્યમાન શરીરાદિમાં પણ સંસ્કારના ત્યાગ માટે, ‘આ મારું છે’ એવા અનુરાગની નિવૃત્તિ તે આકિંચન્ય છે. આત્મસ્વરૂપથી ભિન્ન એવા શરીરાદિકમાં કે રાગાદિકમાં મમત્વરૂપ પરિણામોનો અભાવ તે આકિંચન્ય છે.

**(૧૦) બ્રહ્મચર્ય**—સ્ત્રી માત્રનો ત્યાગ કરી પોતાના આત્મસ્વરૂપમાં લીન રહેવું તે બ્રહ્મચર્ય છે. પૂર્વે ભોગવેલી સ્ત્રીઓના ભોગનું સ્મરણ તથા તેની કથા સાંભળવાના ત્યાગથી તથા સ્ત્રીઓ પાસે બેસવાનું છોડવાથી અને સ્વછંદ પ્રવર્તન રોકવા માટે ગુરુકુળમાં રહેવાથી બ્રહ્મચર્ય પરિપૂર્ણ પળાય છે.

આ દશે બોલમાં ‘ઉત્તમ’ શબ્દ લગાડતાં ‘ઉત્તમક્ષમા’ વગેરે દશ ધર્મ થાય છે. ઉત્તમ-ક્ષમા વગેરે કહેતાં તે શુભરાગરૂપ ન સમજવા પણ કષાયરહિત શુદ્ધભાવરૂપ સમજવા.

## દશ પ્રકારના ધર્મોનું વર્ણન

ક્ષમાના નીચે મુજબ પાંચ પ્રકાર છે—

(૧) જેમ નિર્બળ પોતે સબળનો વિરોધ ન કરે તેમ, ‘હું ક્ષમા કરું તો મને કોઈ હેરાન ન કરે’ એવા ભાવથી ક્ષમા રાખવી તે. આ ક્ષમામાં ‘હું ક્રોધરહિત ત્રિકાળ સ્વભાવે શુદ્ધ છું’ એવું ભાન ન આવ્યું પણ રાગભાવ આવ્યો, તેથી તે ખરી ક્ષમા નથી, તે ધર્મ નથી.

(૨) ક્ષમા કરું તો બીજા તરફથી મને નુકશાન ન થાય પણ લાભ થાય–એવા

ભાવથી શેઠ વગેરેનો ઠપકો સહન કરે, સામો ક્રોધ ન કરે, પણ તે ખરી ક્ષમા નથી; તે ધર્મ નથી.

(૩) હું ક્ષમા કરું તો કર્મબંધન અટકે, ક્રોધ કરવાથી નરકાદિ હલકી ગતિમાં જવું પડશે, માટે ક્રોધ ન કરું–એવા ભાવે ક્ષમા કરે પણ તે સાચી ક્ષમા નથી; તે ધર્મ નથી; કેમ કે તેમાં ભય છે, નિર્ભયતા–નિસંદેહતા નથી.

(૪) ક્રોધાદિ ન કરવા એવી વીતરાગની આજ્ઞા છે તેમ શાસ્ત્રમાં કહ્યું છે, માટે મારે ક્ષમા રાખવી જોઈએ, જેથી મને પાપ નહિ થાય અને લાભ થશે–એવા ભાવે શુભપરિણામ રાખે અને તેને વીતરાગની આજ્ઞા માને તે પણ સાચી ક્ષમા નથી; કારણ કે તે પરાધીન ક્ષમા છે, તે ધર્મ નથી.

(૫) 'સાચી ક્ષમા' અર્થાત્ 'ઉત્તમ ક્ષમા'નું સ્વરૂપ એ છે કે, આત્મા અવિનાશી, અબંધ, નિર્મળ, જ્ઞાયક જ છે. મારી વર્તમાન દશામાં ભૂલને કારણે શુભાશુભ ભાવ થાય છે, તેનું કર્તાપણું છોડી શુદ્ધનય દ્વારા પોતે જેવો છે તેવો પોતાને જાણીને, માનીને તેમાં ઠરવું તે વીતરાગની આજ્ઞા છે અને તે ધર્મ છે. આ પાંચમી ક્ષમા તે ક્રોધમાં નહિ નમવું, ક્રોધનો પણ જ્ઞાતા એવો સહજ અકષાય ક્ષમાસ્વરૂપ છે. નિજસ્વભાવમાં, શુદ્ધસ્વરૂપમાં રહેવું તે ઉત્તમ ક્ષમા છે. 'ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે' એમ કહેવાય છે ત્યાં આ જ ક્ષમા સમજવી. પદાર્થ ઈષ્ટાનિષ્ટ ભાસતાં ક્રોધાદિ થાય છે જ્યારે તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ ઈષ્ટ-અનિષ્ટ ન ભાસે ત્યારે જ્ઞાતાસ્વભાવમાં ધૈર્ય–સાવધાન રહેવાથી સ્વયં ક્રોધાદિ ઊપજતા નથી અને ત્યારે જ સાચો ધર્મ થાય છે.

**નોંધ** :–અહીં જેમ ક્ષમાના પાંચ પ્રકાર જણાવ્યા તથા તેમાં પાંચમા પ્રકારને ઉત્તમક્ષમાધર્મ જણાવ્યો, તે જ પ્રમાણે માર્દવ, આર્જવાદિ સર્વ બોલોમાં એ પાંચ પ્રકાર સમજવા અને તે દરેકમાં પાંચમો પ્રકાર ધર્મ છે, એમ સમજવું.

૬. ક્ષમાના શુભવિકલ્પનો હું કર્તા નથી, એમ સમજીને રાગ-દ્વેષથી છૂટી સ્વરૂપની સાવધાની કરવી તે સ્વની ક્ષમા છે. 'ક્ષમા કરવી, સરળતા રાખવી' એમ નિમિત્તની ભાષામાં બોલાય તથા લખાય, પણ તેનો અર્થ એમ સમજવો કે–શુભ કે શુદ્ધપરિણામ કરવાના વિકલ્પ કરવા તે પણ નિત્ય સહજ સ્વભાવનો ક્ષમાગુણ નથી. 'હું સરળતા રાખું, ક્ષમા કરું'–એમ ભંગરૂપ વિકલ્પ તે રાગ છે, તે નિત્ય જ્ઞાયકતત્ત્વને ગુણ કરતો નથી; કેમ કે તે પુણ્ય પરિણામ પણ બંધભાવ છે; તેનાથી અબંધ અરાગી તત્ત્વને ગુણ થાય નહિ. ૬.

# દસલક્ષણી પર્વ

(શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૬-૯-૭૮)

આ દસલક્ષણી પર્વ તેનો આજે પહેલો દિવસ છે ઉત્તમ ક્ષમા, અને તે ઉત્તમ ક્ષમા આદિ દસ બોલ છે તે ચારિત્રના ભેદ છે. ચારિત્ર ખાસ મુક્તિનું કારણ છે. માટે ચારિત્રમાં દસ પ્રકારનો ધર્મ આત્માનો અનુભવ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવ થયો હોય અને પછી ચારિત્ર લીનતા થઈ હોય, તેને આ દસ પ્રકારનો ધર્મ હોય છે. આ દસ પ્રકારના ધર્મમાં આનાથી સુખ થાય છે, આનંદ થાય છે. દસ પ્રકારનો ધર્મ તેને કહીએ કે જેમાં અતીન્દ્રિય આનંદ આવતો હોય અને તેમાં અતીન્દ્રિય આનંદ છે એ અતીન્દ્રિય આનંદ સુખસ્વરૂપી છે. દસ પ્રકારનો ધર્મમાં આવી વાત છે ભાઈ ! એમાં આમ ઉત્તમ ક્ષમા કહી તે સમકિત સહિતની, સમકિત વિના જે કાંઈપણ છે તે ક્ષમા નહીં એ તો રુંધાયેલો કષાય છે.

મુનિધર્મ ક્ષમાદિ ભાવોથી દસ પ્રકારનો છે તે સુખ સાથેનો છે, સુખ તેનાથી થાય છે. અરે આ ચારિત્ર-ધર્મ જેનાથી અતીન્દ્રિય આનંદ આવતો હોય, તેનું નામ દસ પ્રકારનો મુનિનો ધર્મ કહેવામાં આવે છે. આવી વાત છે બાપા આકરી બહુ. છે ને એમાં ? સુખની સાથે સુખ તેનાથી થાય છે અને સુખ તેમાં છે અથવા સુખનો સાર છે એ દસ પ્રકારનો ધર્મ સુખનો સાર, આનંદનો સાર તેમાં છે. અતીન્દ્રિય આનંદનું વેદન વિશેષ હોય તેનું નામ અહીં દસ પ્રકારનો ધર્મ છે.

આ દસલક્ષણી પર્વ એ દસ પ્રકારનો ધર્મ એ ચારિત્રનો ભેદ છે, સમ્યગ્દર્શન સહિત અનુભવ અને ચારિત્ર હોય તો તેમાં વિશેષ આનંદ આવે છે તને અહીં દસ પ્રકારનો ધર્મ કહેવામાં આવે છે આવી વાત છે. સમ્યગ્દર્શનમાં સ્વરૂપની દૃષ્ટિ થવાથી આનંદનો સ્વાદ આવે છે જે અલ્પ હોય છે અને ચારિત્રમાં ઉત્તમ ક્ષમાદિમાં પ્રચૂર આનંદ છે એ ક્ષમામાં તો મહા આનંદ-આનંદ આવે છે. એ દસ ધર્મમાં પહેલો ઉત્તમ ક્ષમા છે.

શ્રોતા : વીતરાગભાવ એ જ ધર્મ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ વીતરાગભાવ એ જ વીતરાગનો દસ પ્રકારનો ધર્મ છે. એ તો એનો ભેદ બતાવ્યો, બાકી વીતરાગભાવ એ ધર્મ ને ચારિત્રનો દસ પ્રકારનો ધર્મ એ વીતરાગભાવ. આહાહા ! આવી વાત છે. એ દસ પ્રકારનો ધર્મ વીતરાગભાવ છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૫, ગાથા - ૩૧)

## નિજ ઉપકારમાં લાગી જા

અજ્ઞાની જીવે પરની સાથે અને કર્મ સાથે મિત્રતા કરી છે. તેથી તેનો સંયોગ થતાં આનંદ માને છે. કર્મના ઉદયે થતા શુભાશુભભાવમાં પણ આનંદ માને છે તેથી અજ્ઞાની જીવે ખરેખર પોતાનું અહિત કરીને કર્મનું હિત કર્યું છે, કર્મની પુષ્ટિ કરી છે.

જેમ દોસ્તાર ભેગા થઈને રમતા હોય તેમાં—ઝગડી પડે ને ૧૦ વર્ષનો છોકરો ૧૨ વર્ષના છોકરાને મારી જાય અને છોકરો પોતાની માને ફરિયાદ કરે તો મા શું કહે ? એલા ઢગા ! તું મોટો અને ઓલો નાનો તને મારી ગયો એવી ફરિયાદ કરતાં તને શરમ નથી આવતી ? તેમ આ અજ્ઞાની ફરિયાદ કરે છે કે અરે ! કર્મે મને મારી નાખ્યો. તેને ભગવાન કહે છે અરે ! મૂરખ ! ઢગા ! તું ભગવાન આત્મા મહા બળવાન અને કર્મ તને હેરાન કરે !

આમ જીવ અને કર્મનું વેર અનાદિથી ચાલ્યું આવે છે. પરની અને વિકારની મહિમા કરે છે તે અજ્ઞાની જ ખરેખર કર્મનું હિત કરે છે. પોતાના સ્વરૂપનું જોડાણ ન કરતાં કર્મના ઉદયમાં જોડાણ કરીને કર્મને બળવાન બનાવે છે એટલે કે નવા કર્મ બાંધે છે. આમ કર્મની પરંપરા ચાલે છે.

''જીવ પોતાની ભૂલથી પોતે વિકાર કરે છે''. જો પરથી કે કર્મથી વિકાર થતો હોય તો તો તે કર્મ ખસે તો વિકાર ખસે પણ જીવની પોતાની ભૂલથી વિકાર થાય છે તેથી પોતે ભૂલ ટાળે તો વિકાર ટળી જાય છે. વિકાર થવામાં કર્મનો ઉદય તો નિમિત્તમાત્ર છે. કર્મ તો આપોઆપ પોતાથી જ બંધાઈ જાય છે. જીવ કર્મબંધન કરતો નથી. આ વસ્તુની સ્થિતિ છે.

જીવ પોતાના શુદ્ધસ્વરૂપને ભૂલી જાય છે તે જ ખરેખર ભાવબંધન છે અને તે ભાવબંધનના નિમિત્તે દ્રવ્યબંધન થાય છે. જીવની બે અવસ્થા છે. એક તો સ્વભાવને આધીન અવસ્થા અને બીજી વિકારને આધીન અવસ્થા છે. વિકારને આધીન અવસ્થાથી કર્મનો ઉપકાર થાય છે અને સ્વભાવ આધીન અવસ્થાથી જીવનો પોતાનો ઉપકાર થાય છે.

જીવ સ્વયં પુરુષાર્થહીન-નપુંસક બનીને પરનું માહાત્મ્ય કરે છે. શાસ્ત્રમાં આવે છે

| | |
|---|---|
| પરને જ જાણે જીવ તો દ્દગ જીવથી ભિન્ન જ ઠરે, | પરમાગમ |
| દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૩. | શ્રી નિયમસાર |

કે ભગવાન આત્મા પોતાના શુદ્ધસ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન છોડીને એકલા શુભભાવની રચના કરે છે અને તેમાં જ મહિમા માને છે. તે જીવનું વીર્ય સ્વભાવની રચના કરવા માટે નપુંસક થયું છે. વીર્યગુણનું મૂળ કાર્ય તો સ્વરૂપની રચના કરવી તે છે, 'સ્વરૂપરચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ' સ્વભાવના આશ્રયે શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર-સુખ-શાંતિ પ્રગટ કરવા તે વીર્યનું કાર્ય છે. તેને બદલે શુભાશુભભાવની રચના કરે તે જ વીર્ય નથી, નપુંસકતા છે.

અહો ! મુનિરાજ તો ''નાગા બાદશાહથી આઘા છે'' તેને કાંઈ કોઈ પાસેથી ચંદો ફાળો ભેગો કરવો નથી કે સાચી વાત કહેતાં અચકાય.

પોતાના સ્વભાવને રચે તે આત્મવીર્ય અને વિકારની રચના કરે તે કર્મવીર્ય છે. અજ્ઞાની વિકારની રચના કરીને કર્મનું હિત કરે છે. તેથી ચારગતિમાં રખડે છે.

કર્મના હિતની વાત કરી, હવે મુનિરાજ આત્માનું હિત કેવી રીતે થાય તેની વિધિ બતાવે છે. કહે છે કે 'કાળલબ્ધિથી બળવાન થયેલો જીવ પોતાનું હિત કરે છે.' તેમાં કાળલબ્ધિ એટલે પુરુષાર્થની જાગૃતિનો કાળ, અને કાળલબ્ધિનું જ્ઞાન કોને હોય ? જેને પોતાના દ્રવ્યનું જ્ઞાન હોય તેને પોતાની કાળલબ્ધિ-પર્યાયનું જ્ઞાન હોય. જે પર્યાય દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને દ્રવ્યનું જ્ઞાન કરે છે તેને જ પર્યાયનું જ્ઞાન થાય છે.

જેમ સાત તત્ત્વની શ્રદ્ધા—'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્'માં મોક્ષની શ્રદ્ધા, સર્વજ્ઞની શ્રદ્ધા, પર્યાયની શ્રદ્ધા એ બધી શ્રદ્ધા ક્યારે થાય કે જ્યારે જ્ઞાયક ભગવાન શુદ્ધ પૂર્ણ આત્મામાં દૃષ્ટિ દેતાં જે જ્ઞાન પ્રગટ થાય છે તેની વર્તમાન પર્યાયમાં મોક્ષ, સર્વજ્ઞ આદિ બધી પર્યાયનું જ્ઞાન થાય છે. કારણ કે પોતાના દ્રવ્યનું જ્ઞાન થયા વિના પર્યાયનું જ્ઞાન થતું નથી અને પર્યાયના જ્ઞાન વિના આસ્રવ-બંધ આદિનું પણ જ્ઞાન થતું નથી.

આમ, ગુરુના ઉપદેશનું નિમિત્ત પામીને, પોતાની કાળલબ્ધિ પાકતાં પુરુષાર્થથી પોતાના સ્વભાવની દૃષ્ટિ કરે છે. તેમાં પોતાનું બળ છે. જે રાગ-દ્વેષ, નિમિત્તથી ભિન્ન અને એક સમયની પર્યાયથી પણ અધિક-ભિન્ન પોતાના સ્વભાવને જાણે છે તેને સ્વભાવનું બળ પ્રગટ થયું છે અને કર્મનું બળ નાશ પામ્યું છે.

જે પોતાનું હિત કરવા માગે છે તે સ્વાત્મોપલબ્ધિરૂપ મોક્ષને ચાહે છે. જેવું પોતાનું સ્વરૂપ છે તેવું પર્યાયમાં પ્રગટ થાય તેનું જ નામ મોક્ષ છે, તેમાં જ પોતાનું પરમહિત છે.

વ્યવહારથી છે પરપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;
વ્યવહારથી છે પરપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૪.

'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.'

શ્રીમદ્ નાની ઉંમરમાં આ બધું લખી ગયા છે. પોતાના નિર્મળ આનંદની દશા જે માર્ગે પમાય તે મોક્ષપંથ છે, બીજો કોઈ મોક્ષપંથ નથી.

બુદ્ધિવાળા જીવો આમાં ધ્યાન આપે તો પોતાનું હિત કરી શકે તેમ છે. જેની બુદ્ધિ આત્માને દુઃખ-સમુદ્રથી તારે તે બુદ્ધિશાળી છે. આત્માને બુડાડે તે બુદ્ધિ બુદ્ધિ જ નથી.

અહીં કહે છે કે પોતપોતાના માહાત્મ્ય-પ્રભાવના વધવાથી કોણ પોતાનો સ્વાર્થ ન સાધે ? કોણ પોતાનું હિત ન ચાહે ? જીવ કર્મને માહાત્મ્ય આપીને તેનો ઉપકાર કરે છે તો કર્મ પોતાનું હિત કેમ ન ચાહે ? એટલે કે જીવ પોતાના સ્વભાવને ચૂકીને કર્મના ઉદયમાં જોડાય છે તો તેનું નિમિત્ત પામીને નવા કર્મ બંધાય છે અને જો જીવ પોતાના સ્વભાવની મહિમા કરે તો પોતાનું હિત થાય છે અર્થાત્ મોક્ષ મળે છે.

તો હવે કહે છે કે તું પરનો ઉપકાર છોડીને તારો ઉપકાર કરવામાં લાગી જા !

परोपकृतिमुत्सृज्य स्वोपकारपरो भव ।
उपकुर्वन्परस्याज्ञो दृश्यमानस्य लोकवत् ।।३२।।

દશ્યમાન દેહાદિનો મૂઢ કરે ઉપકાર,
ત્યાગી પર ઉપકારને, કર નિજનો ઉપકાર. ૩૨.

પરનો ઉપકાર છોડ અને તારો ઉપકાર કર ! અર્થાત્ તારી અધિકાઈ કર અને શુભાશુભ રાગ અને સંયોગ ઠીક છે તો મને ઠીક છે એવી પરની અધિકાઈ છોડી દે ! સાચી વસ્તુસ્થિતિને જાણીને તું તારા હિતમાં લાગી જા !

શરીર સારું રહે તો ઠીક, કુટુંબ સારું રહે તો મને ઠીક, દુનિયા ઠીક રહેતાં મને ઠીક એવી પરનો આશ્રય કરતી તારી મૂઢ બુદ્ધિ તારા અજ્ઞાનને જાહેર કરે છે. એ અજ્ઞાન તું છોડ ! જ્યાં સુધી જીવ પરને પરરૂપ નથી જાણતો ત્યાં સુધી જ પરનો ઉપકાર કરે છે. જ્યાં પરને પર જાણે છે ત્યાં તેનો ઉપકાર કરવો છોડી દે છે, અને પોતાનો ઉપકાર કરવામાં લાગી જાય છે, માટે સાચી વસ્તુસ્થિતિ જાણી, તત્ત્વજ્ઞાની બની, પોતાને આધીન સુધી બનાવવારૂપ આત્મ-ઉપકાર કરવામાં તું તત્પર થઈ જા, એ જ ભગવાનનો ઉપદેશ છે.

(ક્રમશઃ) ❊

નિશ્ચયનયે છે નિજપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;
નિશ્ચયનયે છે નિજપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૫.



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## સમ્યગ્દષ્ટિનું બધુંય જ્ઞાન સમ્યક્ છે તે મોક્ષમાર્ગરૂપ નિજપ્રયોજનને સાધે છે

અરે, ભાઈ, એક વાર આ વાત લક્ષમાં તો લે, તો તારો ઉત્સાહ પર તરફથી ઊતરી જશે ને તને સ્વભાવનો ઉત્સાહ જાગશે. મૂળ સ્વભાવનું જ્ઞાન કરવું એ જ મોક્ષમાર્ગમાં પ્રયોજનરૂપ છે.

કોઈ કહે—'ધર્મી થયો ને આત્માને જાણ્યો એટલે પરનું પણ બધુંય જાણપણું તેને થઈ જાય.' તો કહે છે કે ના, પરને બધાયને જાણી જ લ્યે એવો નિયમ નથી. જ્ઞાનનો ઉઘાડ હોય તે અનુસાર જાણે; તે કદાચિત્ તે પ્રકારનો ઉઘાડ ન હોવાના કારણે, દોરીને સર્પ ઈત્યાદિ પ્રકારે અન્યથા જાણે તોપણ દોરી કે સર્પ બંનેથી જુદો હું તો જ્ઞાન છું—એવું સ્વ-પરની ભિન્નતાનું જ્ઞાન તો તેને યથાર્થ જ રહે છે, તે ખસતું નથી. દોરીને દોરી જાણી હોત તોપણ, તેનાથી હું જુદો છું—એમ જાણત, અને દોરીને સર્પ જાણ્યો તોપણ તેનાથી હું જુદો છું—એમ જાણે છે, એટલે સ્વ—પરની ભિન્નતા જાણવારૂપ સમ્યક્‌પણામાં તો કાંઈ ફેર પડ્યો નથી. આત્માનું જાણપણું થાય એટલે પરનું બધું જાણપણું તરત ઊઘડી જ જાય એવો કાંઈ નિયમ નથી. અજ્ઞાની કોઈ જ્યોતિષ વગેરે જાણતો હોય ને જ્ઞાનીને તે ન પણ આવડે, અહીં બેઠો બેઠો મેરુ વગેરેને વિભંગ જ્ઞાનથી દેખતો હોય ને જ્ઞાનીને તેવો ઉઘાડ ન પણ હોય. અજ્ઞાની ગણિત વગેરે જાણતો હોય, તેમાં તેની ભૂલ ન પડે, છતાં એ જાણપણાની ધર્મમાં કાંઈ કિંમત નથી. જ્ઞાનીને કદાચ ગણિત વગેરે ન આવડે, દાખલામાં ભૂલ પણ પડે, છતાં તેનું જ્ઞાન સમ્યક્ છે, સ્વને સ્વપણે અને પરને પરપણે સાધવારૂપ મૂળભૂત યથાર્થપણામાં તેને ભૂલ થતી નથી. અજ્ઞાની તો સ્વ—પરને, સ્વભાવ—પરભાવને એકબીજામાં ભેળવીને જાણે છે એટલે તેનું બધુંય જ્ઞાન ખોટું છે. બહારના જાણપણાનો ઉઘાડ પૂર્વક્ષયોપશમઅનુસાર ઓછો—વધુ હોય, પણ જે જ્ઞાન પોતાના ભિન્ન સ્વભાવને ભૂલીને જાણે છે તે અજ્ઞાન છે, અને પોતાના ભિન્ન સ્વભાવનું ભાન સાથે રાખીને જે જાણે છે તે સમ્યગ્જ્ઞાન છે. સંસારસંબંધી કંઈક જાણપણું ન હોય

> પ્રભુ કેવળી દેખે નિજાત્માને, ન લોકાલોકને,
> —જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૬.

કે ઓછું હોય તેથી કાંઈ જ્ઞાન મિથ્યા થઈ જતું નથી. અને સંસારનું દોઢ–ડહાપણ ઘણું હોય તેથી કાંઈ જ્ઞાન સમ્યક્ થઈ જતું નથી. એનો આધાર તો શુદ્ધાત્માના શ્રદ્ધાન ઉપર છે; શુદ્ધાત્માનું શ્રદ્ધાન જ્યાં છે ત્યાં સમ્યક્ જ્ઞાન છે, શુદ્ધાત્માનું શ્રદ્ધાન જ્યાં નથી ત્યાં મિથ્યાજ્ઞાન છે. એટલે બહારનું જાણપણું ઓછું હોય તો એનો જ્ઞાનીને ખેદ નથી, ને બહારનું જાણપણું વિશેષ હોય તો એનો જ્ઞાનીને મહિમા નથી. મહિમાવંત તો આત્મા છે ને એ જેણે જાણી લીધો તે જ્ઞાનનો મહિમા છે. અહો, જગતથી જુદા મારા આત્માને મેં જાણી લીધો છે તો મારા જ્ઞાનનું પ્રયોજન મેં સાધી લીધું છે, એમ નિજાત્મજ્ઞાનથી જ્ઞાની સંતુષ્ટ છે–તૃપ્ત છે.

અહા, આત્મજ્ઞાનનો મહિમા અચિંત્ય છે. એ જ્ઞાનનો મહિમા ભૂલીને બહારના જાણપણાના મહિમામાં જીવો અટકી રહ્યા છે. સંસારના કોઈ નિષ્પ્રયોજન પદાર્થને જાણવામાં ભૂલ થઈ તો ભલે થઈ, પણ જ્ઞાની કહે છે કે અમારા આત્માને જાણવામાં અમારી ભૂલ થતી નથી...અમારા આતમરામને અમે ભૂલતા નથી. એ જ્ઞાનની મસ્તી અને નિઃશંકતા કોઈ અદ્ભુત છે! અનંત ગુણોથી પરિપૂર્ણ સ્વભાવની પ્રતીતનું જોર એ જ્ઞાનની સાથે વર્તી રહ્યું છે. તેથી આવું સમ્યગ્જ્ઞાન તે કેવળજ્ઞાનનો કટકો છે–એમ હવે કહે છે.

આ વાત એવી છે કે જો સમજે તો અંદર સ્વાનુભૂતિનો રંગ ચડી જાય, ને રાગનો રંગ ઊતરી જાય. આત્માની શુદ્ધ અનુભૂતિ રાગના રંગ વગરની છે; જેને આવી અનુભૂતિનો રંગ છે તે રાગથી રંગાઈ જતો નથી. હે જીવ! એકવાર આત્મામાં રાગનો રંગ ઊતારી સ્વાનુભૂતિનો રંગ ચડાવ.

### ‘કેવળજ્ઞાનનો કટકો’ આત્મજ્ઞાનનો અચિંત્ય મહિમા

“...જાણવામાં પદાર્થોને વિપરીતરૂપે સાધતું નથી, માટે તે સમ્યગ્જ્ઞાન કેવળજ્ઞાનનો અંશ છે. જેમ થોડુંક મેઘપટલ (વાદળ) વિલય થતાં જે કાંઈ પ્રકાશ પ્રગટે છે તે સર્વ પ્રકાશનો અંશ છે. જે જ્ઞાન મતિ–શ્રુતરૂપ પ્રવર્તે છે તે જ જ્ઞાન વધતું–વધતું કેવળજ્ઞાનરૂપ થાય છે. તેથી સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ તો જાતિ એક છે.”

મૂર્તિક-અમૂર્તિક ચેતનાચેતન સ્વપર સૌ દ્રવ્યને
જે દેખતો તેને અતીંદ્રિય જ્ઞાન છે, પ્રત્યક્ષ છે. ૧૬૭.

અહા, જુઓ આ સમ્યગ્જ્ઞાનની કેવળજ્ઞાન સાથે સંધિ! મતિ–શ્રુતજ્ઞાનને કેવળજ્ઞાનનો અંશ કોણ કહે?—કે જેણે પૂર્ણ જ્ઞાનસ્વભાવને પ્રતીતમાં લીધો હોય ને તે સ્વભાવના આધારે સમ્યક્અંશ પ્રગટ કર્યો હોય તે જ પૂર્ણતા સાથેની સંધિથી (પૂર્ણતાના લક્ષથી) કહી શકે કે મારું આ જ્ઞાન છે તે કેવળજ્ઞાનનો અંશ છે, કેવળજ્ઞાનની જ જાત છે. પણ રાગમાં જ જે લીન વર્તતો હોય તેનું જ્ઞાન તો રાગનું થઈ ગયું છે, તેને તો રાગથી જુદા જ્ઞાનસ્વભાવની જ ખબર નથી, ત્યાં 'આ જ્ઞાન આ સ્વભાવનો અંશ છે' એમ તે કઈ રીતે જાણે? જ્ઞાનને જ પરથી ને રાગથી જુદું નથી જાણતો ત્યાં એને સ્વભાવનો અંશ કહેવાનું તો તેને ક્યાં રહ્યું? સ્વભાવ સાથે જે એકતા કરે તે જ પોતાના જ્ઞાનને 'આ સ્વભાવનો અંશ છે' એમ જાણી શકે. રાગ સાથે એકતાવાળો એ વાત જાણી શકતો નથી.

અહા, આ તો અલૌકિક વાત છે! મતિશ્રુતજ્ઞાનને સ્વભાવનો અંશ કહેવો અથવા તો કેવળજ્ઞાનનો અંશ કહેવો એ વાત અજ્ઞાનીને સમજાતી નથી, કેમ કે તેને તો રાગ અને જ્ઞાન એકમેક ભાસે છે. જ્ઞાની તો નિઃશંક જાણે છે કે જેટલા રાગાદિ અંશો છે તે બધાય મારાથી પર ભાવો છે, ને જેટલા જ્ઞાનાદિ અંશો છે તે બધાય મારા સ્વભાવો છે, તે મારા સ્વભાવના જ અંશો છે, ને તે અંશો વધી વધીને કેવળજ્ઞાન થવાનું છે.

પ્રશ્ન :—ચાર જ્ઞાનને તો વિભાવજ્ઞાન કહ્યા છે, અહીં તેમને સ્વભાવના અંશ કેમ કહ્યા?

ઉત્તર :—તેમને વિભાવ કહ્યા છે તે તો અપૂર્ણતાની અપેક્ષાએ કહ્યા છે, કાંઈ વિરુદ્ધ જાતની અપેક્ષાએ (રાગાદિની જેમ) તેમને વિભાવ નથી કહ્યા. એ ચારે જ્ઞાનો છે તો સ્વભાવના જ અંશ...ને સ્વભાવની જ જાત; પણ તે હજી અધૂરા છે ને અધૂરાના આશ્રયે પૂરું જ્ઞાન ખીલતું નથી એટલે પૂર્ણ સ્વભાવનો આશ્રય કરાવવા અપૂર્ણ જ્ઞાનોને વિભાવ કહ્યા છે. પણ જેમ રાગાદિ વિભાવો તો સ્વભાવથી વિરુદ્ધ છે—તેમની જાત જ જુદી છે, તેમ કાંઈ જ્ઞાનની જાત જુદી નથી, જ્ઞાન તો સ્વભાવથી અવિરુદ્ધ જાતનું જ છે. જેમ પૂર્ણ પ્રકાશથી ઝળહળતા સૂર્યમાંથી વાદળાંનો વિલય થતાં જે પ્રકાશકિરણો ઝળકે છે તે સૂર્યપ્રકાશનો જ અંશ છે, તેમ જ્ઞાનાવરણાદિ વાદળાં તૂટતાં સમ્યક્ મતિશ્રુતરૂપ જે જ્ઞાનકિરણો પ્રગટ્યા તે, કેવળજ્ઞાનના પૂર્ણપ્રકાશથી ઝળહળતો જે ચૈતન્યસૂર્ય, તેના જ પ્રકાશના અંશો છે. સમ્યક્ મતિશ્રુતરૂપ જે અંશો છે તે બધાય ચૈતન્યસૂર્યનો જ પ્રકાશ છે. જેમ બીજચંદ્ર વધી વધીને પૂર્ણચંદ્રરૂપ થાય તેમ સમ્યક્ મતિ–શ્રુતજ્ઞાન પણ વધતાં વધતાં

વિધવિધ ગુણો ને પર્યયો સંયુક્ત દ્રવ્ય સમસ્તને
દેખે ન જે સમ્યક્ પ્રકાર, પરોક્ષ દ્રષ્ટિ તેહને. ૧૬૮.

કેવળજ્ઞાન થાય છે. જોકે મતિ–શ્રુતપર્યાય તો પલટી જાય છે, તે પોતે કાંઈ કેવળ જ્ઞાનરૂપ થતી નથી, એટલે પર્યાય અપેક્ષાએ તે જ નથી પરંતુ સમ્યક્ જાતિઅપેક્ષાએ તે જ વધતાં વધતાં કેવળજ્ઞાન થયું એમ કહેવાય છે. પાંચેય જ્ઞાનો સમ્યગ્જ્ઞાનના જ પ્રકાર છે એટલે કેવળજ્ઞાન અને મતિજ્ઞાન બંને સમ્યક્પણે સરખાં છે, બંનેની જાત એક છે. જેમ એક જ પિતાના પાંચ પુત્રોમાં કોઈ મોટો હોય, કોઈ નાનો હોય, પણ છે તો બધાય એક જ બાપના દીકરા; તેમ કેવળજ્ઞાનથી માંડીને મતિજ્ઞાન એ પાંચે સમ્યગ્જ્ઞાનો જ્ઞાનસ્વભાવના જ વિશેષો છે, તેમાં કેવળજ્ઞાન એ મોટો મહાન પુત્ર છે ને મતિજ્ઞાનાદિ ભલે નાના છે, તોપણ તે કેવળજ્ઞાનની જ જાત છે. શાસ્ત્રમાં (જયધવલામાં) વીરસેનસ્વામીએ ગણધરને 'સર્વજ્ઞપુત્ર' કહ્યા છે, તેમ અહીં કહે છે કે મતિ–શ્રુતજ્ઞાન તે કેવળજ્ઞાનના પુત્ર છે, સર્વજ્ઞતાના અંશ છે. જેમ સિદ્ધ ભગવાનનો પૂર્ણ અતીન્દ્રિય આનંદ ને સમકિતીનો ભૂમિકાયોગ્ય અતીન્દ્રિય આનંદ એ બંને આનંદની એક જ જાત છે. માત્ર પૂરા ને અધૂરાનો જ ભેદ છે પણ જાતમાં તો જરાય ભેદ નથી, એટલે સમકિતીનો આનંદ તે સિદ્ધભગવાનના આનંદનો જ અંશ છે; આનંદની જેમ એનું મતિજ્ઞાન તે પણ કેવળજ્ઞાનનો જ અંશ છે. પૂરા ને અધૂરાનો ભેદ હોવા છતાં બંનેની જાતમાં જરાય ભેદ નથી.

ભાઈ, તારું જ્ઞાન એ કેવળજ્ઞાનની જ જાતનું,–પણ ક્યારે? કે તું તારા સ્વભાવનું સમ્યગ્જ્ઞાન કર ત્યારે. હજી તો શુભરાગને મોક્ષનું કારણ માનતો હોય, વ્યવહારના અવલંબને મોક્ષમાર્ગ થવાનું માનતો હોય, જડ દેહની ક્રિયાઓને આત્માની માનતો હોય ને તે ક્રિયાઓથી ધર્મ થવાનું માનતો હોય, તેને તો કહે છે કે ભાઈ, તારું બધુંય જ્ઞાન મિથ્યા છે. હજી તો સર્વજ્ઞે કહેલાં નવ તત્ત્વની તને ખબર નથી, સર્વજ્ઞસ્વભાવનો (કેવળજ્ઞાનનો) તને નિર્ણય નથી ત્યાં તે કેવળજ્ઞાનનો અંશ કેવો હોય તેની ઓળખાણ ક્યાંથી થાય? મારું આ જ્ઞાન કેવળજ્ઞાનનો અંશ છે–એમ બરાબર નક્કી કરે એની દૃષ્ટિ અને જ્ઞાનપરિણતિ તો જ્ઞાનસ્વભાવમાં ઊંડી ઊતરી ગઈ હોય. એ શુભરાગમાં ધર્મ માનીને એમાં જ ન રોકાઈ રહે; એ તો રાગથી ક્યાંય પાર એવા જ્ઞાનસ્વભાવમાં અંદર પ્રવેશી જાય. આવું જ્ઞાન તે જ કેવળજ્ઞાનની જાતનું થઈને કેવળજ્ઞાનને સાધે છે. સમ્યક્ મતિશ્રુત તે જો કેવળજ્ઞાનની જાતનું ન હોય ને વિજાતીય હોય તો તે કેવળજ્ઞાનને કઈ રીતે સાધી શકે? કેવળજ્ઞાનની જાત હોય તે જ કેવળજ્ઞાનને સાધી શકે. રાગ તે કેવળજ્ઞાનની જાત નથી તેથી તે કેવળજ્ઞાનને સાધી શકતો નથી; મતિ–શ્રુત સમ્યગ્જ્ઞાન તે કેવળજ્ઞાનની જાત છે તેથી અંતરમાં એકાગ્ર થઈને તે કેવળજ્ઞાનને સાધે છે. સમ્યગ્જ્ઞાન જ્યોત પ્રગટી તે કદી બુઝાવાની નથી, એ વધી વધીને કેવળજ્ઞાન લેશે.

(ક્રમશઃ) ❋



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

## ✽ નિજધર્માધિકાર ✽

હવે નિજધર્માધિકાર કહીએ છીએ.

નિજધર્મ—વસ્તુસ્વભાવ. આત્મા પોતે જ્ઞાનાનંદ સ્વભાવી છે, ને નિર્વિકારપણું તેનો ધર્મ છે. અહીં વિકારની વાત લેવી નથી. આત્માનાં શ્રદ્ધા—જ્ઞાન કરતાં સમ્યક્દશા પ્રગટ થાય છે. પરનું રાગનું ને સ્વનું યથાર્થ જ્ઞાન થતાં સ્વમાં વીતરાગદશા પ્રગટે છે. યથાર્થ જ્ઞાન થતાં નિજધર્મ પ્રગટે છે. સાચું જ્ઞાન રમણતાનો અંશ લેતું આવે છે. સાચી પ્રતીતિને સાચું જ્ઞાન થતાં અંશે વીતરાગતા જરૂર પ્રગટે છે. યથાર્થ જ્ઞાન થતાં પર્યાય દ્રવ્યમાં એકત્વ થાય છે તે ધર્મ છે.

આત્મામાં અનંતા ગુણો છે. તેને પર્યાયમાં ધારે ત્યારે નિજધર્મ પ્રગટ થાય છે. મારામાં અનંત ગુણો છે. એમ નક્કી કરતાં પર્યાયમાં વીતરાગતા પ્રગટે છે. નિમિત્ત તે હું, રાગ તે હું—એમ જે પર્યાય ધારે તેણે જીવના અનંતા ધર્મોને ધાર્યા નથી. અહીં ધર્મ શબ્દ વાપરેલ છે. 'न धर्मो धार्मिकैर्विना' પોતાનો પર્યાય પોતાને ઉદ્ધારે, નિમિત્ત ને રાગથી બચાવે ને સ્વભાવમાં એકાગ્ર થાય તે ધર્મ છે.

ભગવાન આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાયધર્મોને ધારી રાખે છે. હું શુદ્ધ જીવ છું ને વિકાર આદિ આસ્રવ છે તે મારું સ્વરૂપ નથી. એમ ભેદજ્ઞાન ધારણ કરી રાખે તે ધર્મ છે. હું પર જીવને બચાવી શકું છું, પરની દયા પાળી શકું છું, બીજાનું કાર્ય કરી શકું છું—એમ માનનારને ધર્મ થતો નથી. બીજાના ધર્મો તું ધારી શકે છે? ના. ધર્મી જીવને અલ્પ રાગ થાય છે, પણ રાગ રહિત સ્વભાવનું જોર વર્તતું હોવાથી તે અનંતા ગુણોને ધારી રાખે છે—સ્વભાવની પૂર્ણતાને શક્તિને ધારી રાખે—ટકાવી રાખે તેને ધર્મ કહે છે.

ધર્મી વિના ધર્મ હોતો નથી. જેને ધર્મી જીવ પ્રત્યે પ્રેમ વર્તે છે તેને ધર્મ પ્રત્યે પ્રેમ

**પ્રભુ કેવળી જાણે ત્રિલોક-અલોકને, નહિ આત્મને,**
**—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૯.**

વર્તે છે, ધર્મી જીવ પ્રત્યે અણગમો વર્તે છે તેને ધર્મ પ્રત્યે દ્વેષ વર્તે છે. તેને પોતાનો ધર્મ રુચ્યો નથી, પણ દ્વેષને તેણે ધારી રાખ્યો છે. ધર્મ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા, તે આત્મા વિના ન હોય. ધર્મીને બીજા ધર્મી પ્રત્યે ભૂમિકાને યોગ્ય પ્રેમ આવ્યા વિના રહેતો નથી. રાગનો પણ તે કાળ છે. 'અશુભવંચનાર્થમ્' એમ લખાણ આવે છે તે વ્યવહારની ભાષા છે. અશુભભાવ થતો હતો ને તેને ટાળ્યો એમ નથી. અશુભના વ્યય વખતે શુભ હોય છે એવો તેનો કાળ-ક્રમ છે. ધર્મી જીવ સમજે છે કે મારો ધર્મ મારાથી છે, રાગથી નથી; એમ અનંતા જીવો પણ દ્રવ્યસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનથી ધર્મદશા પામ્યા છે. નિમિત્ત ને રાગથી ધર્મ થતો નથી. મુનિએ નિજધર્મ ધાર્યો છે, શરીરને ધાર્યું નથી, વિકલ્પને ધાર્યો નથી. અનંતા ગુણોને પોતાનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતામાં ધારી રાખ્યા તે ધર્મ છે. શરીરની ક્રિયા કરી શકે કે છોડી શકે તે આત્માના અધિકારની વાત નથી. રાગ રાગના કાળે થાય છે, પણ જે વીતરાગતા થાય છે તે ધર્મ છે. સાધક જીવને રાગ વખતે અન્ય ધર્મી પ્રત્યે પ્રેમ આવે છે પણ દ્વેષ આવતો નથી, દ્વેષ આવે તો તે ધર્મી નથી.

દરેક પદાર્થ પોતપોતાના ધર્મને ધારે છે. આત્મા પોતાનો સ્વભાવ ધારણ કરે છે, અજીવ તેનો સ્વભાવ ધારણ કરે છે. આત્માનો ધર્મ આત્મામાં છે. આત્માનો ધર્મ પરથી નથી ને પરની પર્યાય આત્માથી નથી. અહીં ધર્મ એટલે સ્વભાવ અથવા ગુણ-પર્યાય. દરેક દ્રવ્યે પોતાનો સ્વભાવ પોતે ધાર્યો છે. બીજાએ ધાર્યો નથી. એમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

આત્માનો ધર્મ કોને કહેવો? જાણવું, દેખવું ને રાગદ્વેષ રહિત દશામાં ઠરવું તે ધર્મ છે.

પ્રશ્ન :—તમોએ ધર્મની વ્યાખ્યામાં કહ્યું કે દેહ, મન, વાણીની ક્રિયા થાય કે વિકાર થાય તે ધર્મ નથી પણ અખંડ શુદ્ધ ચિદાનંદના શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા તે ધર્મ છે. તો પછી જેમ આત્મામાં નિજ ધર્મો છે, તેમ પુદ્ગલમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ધર્મ છે. તો તેને ધર્મ કેમ ન કહ્યો? આત્માનાં જ્ઞાન, દર્શન અને રાગરહિત દશાને નિજધર્મ કહો છો, પણ બધા પદાર્થોનો જે જે સ્વભાવ છે તે તે નિજધર્મ છે, તો બધાને નિજધર્મ કહો, પણ દર્શન-જ્ઞાન-ચારિત્રને જ નિજધર્મ કહો નહિ. એમ પ્રશ્ન કરે છે.

સમાધાન :—દરેક દ્રવ્યનો સ્વભાવ પોતપોતામાં છે. ત્રિલોકનાથે છ દ્રવ્યો જોયાં છે ને વાણીમાં તેમ જ આવેલ છે. તેનો જે જે સ્વભાવ તે તે નિજધર્મ કહેવાય, પણ અહીં

**છે જ્ઞાન જીવસ્વરૂપ, તેથી જીવ જાણે જીવને;**
**જીવને ન જાણે જ્ઞાન તો એ જીવથી જુદું ઠરે! ૧૭૦.**

તેની વાત નથી. અહીં તો જે આત્માને તારે તેને નિજધર્મ કહીએ છીએ. પુદ્‌ગલમાં ગમે તે ફેરફાર થાય તોપણ તેને દુઃખ નથી. અહીં આત્માની વાત છે. જ્ઞાનાનંદ સ્વભાવમાં રહેતાં સંસારથી બચી જાય તેને નિજધર્મ કહે છે. અજીવને દુઃખ નથી. શરીર હાડકાં અને માંસથી ભરેલું છે, તે ગમે તે રૂપે થાય, તેનો ધર્મ તેની પાસે છે, પણ તારણધર્મ જીવમાં છે. જીવને સંસારથી બચાવી મોક્ષદશામાં લઈ જાય તે ધર્મ છે.

વળી સજીવધર્મ જીવમાં છે. પોતાને તથા પરને જાણે એવો પ્રકાશધર્મ જીવમાં છે. પુણ્ય-પાપ ટળી સંવર અને શાંતિ પ્રગટે તેવો હિતરૂપ ધર્મ જીવમાં છે. અસાધારણ ધર્મ, અવિનાશી સુખરૂપ ધર્મ, ચેતનાપ્રાણધર્મ, પરમેશ્વરધર્મ, સર્વોપરિધર્મ, અનંતગુણધર્મ, શુદ્ધસ્વરૂપપરિણતિધર્મ, અપારમહિમાધારકધર્મ, નિજશુદ્ધાત્મ-સ્વભાવ-રૂપધર્મ—એ નિજધર્મ છે. પાંચ જડદ્રવ્યોના ધર્મની વાત કરતા નથી. અહીં જીવના નિજધર્મની વાત કરીએ છીએ. જડને હિત-અહિત નથી, જીવને હિત કરવું છે. જીવમાં તારણધર્મ છે. તેની વાત કરે છે.

**(૧) સંસારતારણ ધર્મ** :—આ સંસાર આદિ વિનાનો છે. કર્મના નિમિત્તે જીવ જન્માદિ દુઃખ ભોગવે છે. કર્મે દુઃખ કરાવ્યું નથી, કર્મ જડ છે. તેનો સંબંધમાં જોડાણ કરે તો દુઃખ ભોગવે છે. તેવાં દુઃખ કે અધર્મથી તારે તેને તારણધર્મ કહે છે. દયા, દાન, કામ, ક્રોધ ભાવ થાય તે પરધર્મ છે—વિકાર છે. અજ્ઞાની વિકારને પોતાનું સ્વરૂપ માને છે. શરીરના ધર્મને પોતાનો માને, પુણ્યથી ઠીક થાય, પૂર્વનાં પુણ્ય ફળે તો ઠીક થાય, એવી માન્યતા તે અધર્મભાવ છે. પૈસા, બૈરાં છોકરાં અને અનુકૂળતા પોતાને મળ્યાં માને છે. પુણ્ય-પાપ વિકારાદિ પરધર્મને પોતાના માને છે તથા તેને હિતકારક માની દુઃખ ભોગવે છે. પરધર્મને નિજધર્મ માનવો તે દુઃખ છે. સંયોગો, પૈસા કે શરીર સુખ-દુઃખ આપતાં નથી. પરવસ્તુના સ્વભાવને પોતાનો સ્વભાવ માનવો તે દુઃખનું કારણ છે. ખાવાપીવાના પદાર્થોમાં સુખ-દુઃખ નથી. લાડુ સુખરૂપ નથી, ઝેર દુઃખરૂપ નથી. પૈસા હોય તો ઠીક પડે વગેરે માન્યતા ભૂલ ભરેલી છે. પરવસ્તુનો સ્વભાવ સ્વતંત્ર છે, આત્મા તેમાં કાંઈ કરી શકતો નથી. પરનો સ્વભાવ આત્મા કરી શકે છે એમ માનવું અથવા પરનો સ્વભાવ અનુકૂળ-પ્રતિકૂળ માનવો તે સંસાર છે. પર જીવ બચે છે તે તે જીવનો ધર્મ છે, છતાં હું તેને બચાવું છું એ માન્યતા દુઃખનું કારણ છે. પર પ્રાણી મારાથી મર્યો ને મારાથી બચ્યો એ માન્યતા દુઃખનું કારણ છે. (ક્રમશઃ) ❊

રે! જીવ છે તે જ્ઞાન છે, ને જ્ઞાન છે તે જીવ છે;
તે કારણે નિજપરપ્રકાશક જ્ઞાન તેમ જ દૃષ્ટિ છે. ૧૭૧.



# મુક્તિનો માર્ગ

(સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)
(પ્રવચન બીજું)

પ્રશ્ન :—આપે કહ્યું કે દયા, દાનાદિમાં ધર્મ નથી, તો એમાં પૈસાવાળાને તો સરખાઈ થઈ ગઈ, તેમને પૈસા ખરચવા નહીં પડે?

ઉત્તર :—દાન વગેરેમાં 'ધર્મ ન થાય' એમ કહ્યું છે, પણ કાંઈ 'તૃષ્ણા ન ઘટાડવી' એમ કહ્યું નથી; પહેલાં તૃષ્ણા તો ઘટાડે! તૃષ્ણા ઘટાડવાની કોણે ના પાડી? તૃષ્ણા ઘટાડવામાં ધર્મ નથી, પણ તૃષ્ણા જ ઘટાડે નહીં તો પાપભાવમાં જાશે.

તત્ત્વનો નિર્ણય કરવા માટે પહેલાં તો ભગવાને કહેલા આગમનું સેવન કરવું જોઈએ. આમાં સાચા આગમ ક્યા એ પણ નક્કી કરવાનું ભેગું આવી ગયું તથા યુક્તિનું અવલંબન જોઈએ. ધર્મ તો અપૂર્વ ચીજ છે, અનાદિથી નથી પામ્યો એવી ચીજ છે, એ સાધારણ ચીજ નથી. હાલીદુવાલી કહે છે તે સાચો માર્ગ નથી, કેમકે તેઓ કહે છે એવું તો પૂર્વે અનંતવાર કરી ચૂક્યો છે, પણ રઝળવું મટ્યું નહિ. માટે ધર્મ કોઈ જુદી ચીજ છે એમ સત્શાસ્ત્ર દ્વારા અને પ્રબળ યુક્તિ દ્વારા નિર્ણય કરે, તથા પરંપરા ગુરુઓનો ઉપદેશ અને સ્વાનુભવ—એ ચાર દ્વારા તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ; આ ચારે પ્રકારો ભેગા થાય તો આત્માની ઓળખાણ થાય છે.

જગતના કામમાં વિધિ બરાબર સમજે, ત્યાં વિધિમાં આડું-અવળું ન કરે. શીરો કરવો હોય તો પહેલાં ઘીમાં લોટ શેકે અને પછી ગોળનું પાણી નાખે, પણ પહેલાં ગોળના પાણીમાં લોટને શેકે તો શીરો થાય નહીં; તેમ ધર્મને માટે ભગવાને પહેલી વિધિ આત્માનો નિર્ણય કરવો તે કહી છે, તે સમજ્યા વિના આડું-અવળું કરે તો ધર્મ થાય નહિ. આત્માના સ્વભાવનો તત્ત્વથી યથાર્થ નિર્ણય કરવામાં ન આવે ત્યાં સુધી જેટલા વ્રત-તપ કરે તે બધું ગોળના પાણીમાં લોટ શેકીને શીરો કરવા જેવું છે, કે જે થઈ શકતું નથી. વિધિમાં ફેર પડે તો ધાર્યા કાર્યો થાય નહિ. ધર્મની વિધિમાં પહેલાં આત્માનો નિર્ણય કરવારૂપ સમ્યગ્દર્શન થાય તે ઘીમાં લોટ શેકવા બરાબર છે અને સમ્યગ્દર્શન વિના વ્રત-તપ વગેરે બધું કરવા મંડી જાય તે ગોળના પાણીમાં લોટ શેકવા જેવું છે,

**જાણે અને દેખે છતાં ઇચ્છા ન કેવળીજિનને;**
**ને તેથી 'કેવળજ્ઞાની' તેમ 'અબંધ' ભાખ્યા તેમને. ૧૭૨.**

એટલે કે પહેલાં સમ્યગ્દર્શનરૂપી વિધિ વિના ધર્મ થાય નહીં.

તત્ત્વનિર્ણય માટે જિનવચન ચારે અનુયોગમય હોવાથી તેનું રહસ્ય જાણવા યોગ્ય છે. તેમાં પ્રથમ દ્રવ્યાનુયોગમાં દ્રવ્યનું કથન હોય છે; બીજા ચરણાનુયોગમાં રાગ ઘટાડવા અને પરિણામ સુધારવા માટે નિમિત્તની પ્રધાનતાથી કથન હોય છે; ત્રીજા કરણાનુયોગમાં પરિણામોની વાત હોય છે અને ચોથા કથાનુયોગમાં ધર્મકથાઓ હોય છે. આ સર્વનો બધા પડખાથી મેળ કરીને તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ. જે કહ્યું છે તેનો મેળ કરવો. જેમ કોઈએ નાત કરી હોય, ત્યાં છોકરાને ભલામણ કરી હોય કે દાળ મોળી થાય તો મરચાં-મીઠાની થાળી ફેરવજે, એટલે બધા જરૂર પૂરતું મરચું વગેરે લઈ લેશે—એમ કહ્યું હોય, અને હજી કોઈની થાળીમાં કાંઈ પીરસાણું જ ન હોય ત્યાં સૌથી પહેલાં મરચાં-મીઠાની થાળી લઈને પીરસવા જાય તો જમનારા માલ વગર મરચું-મીઠું નાખશે શેમાં? પણ ત્યાં તો મેળ કરે, પહેલાં બધું પીરસે અને પાછળથી બધું પીરસી રહ્યા પછી મરચાં-મીઠાની થાળી ફેરવે; તેમ અહીં ધર્મ કરવા માટે મેળ કરવો જોઈએ. આત્મા વસ્તુ શું, નવ તત્ત્વ શું તેના નિર્ણયરૂપી માલ વગર (વ્રત-તપ રૂપી) મરચાં-મીઠાની થાળી ફેરવી નાખે તો તેમાં ધર્મ ન થાય. આત્માના નિર્ણય વિના વ્રત-તપ કરવા મંડી જાય એ માલ વિનાના એકલા મરચાં-મીઠા જેવું છે.

ભગવાનના વચનો તો અપાર છે, તેનો પાર તો શ્રી ગણધરદેવ પણ પામી શક્યા નથી; માટે વીતરાગે કહેલા તત્ત્વમાં પ્રયોજનભૂત રકમનો પ્રથમ નિશ્ચય કરવો જોઈએ. પ્રયોજનભૂત રકમમાં જો ફેર પડ્યો તો તત્ત્વનો નિર્ણય નહીં થાય. જેમ જગતમાં કોઈને બે દુકાન હોય, એકમાં હીરા—માણેકનો વેપાર હોય અને બીજીમાં કપાસીયાનો વેપાર હોય; તેમાં હીરાની દુકાને પેદાશ હોય અને કપાસીયાની દુકાને ખોટ હોય તો ખોટ પૂરી પડે, પણ જો હીરાની દુકાને ખોટ હોય અને કપાસીયાની દુકાને નફો થતો હોય તો હીરાની દુકાનની ખોટ પૂરી પડે નહીં. ત્યાં તો હીરાની દુકાનનું બરાબર ધ્યાન રાખે, કેમકે મૂળ રકમ હીરાની દુકાન છે; તેમ આત્માના સ્વરૂપના નિર્ણયમાં ભૂલ તે ઝવેરાતની દુકાને ખોટ છે અને દયા, દાન, ભક્તિ વગેરે પુણ્યભાવમાં રોકાણો તે કપાસીયાની દુકાને નફો છે, પણ તે નફાથી સ્વરૂપના નિર્ણયમાં ભૂલની જે ખોટ છે તે પૂરી પડવાની નથી. ગઈકાલે કાઠી—આપાનો દાખલો આપ્યો હતો કે તે રોકડી રકમનો નકાર કરે છે તો ચોપડામાંથી તેને કાઢવો શી રીતે? તેમ પ્રયોજનભૂત રકમનો નિર્ણય

પરિણામપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;
પરિણામ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૩.

કર્યા વિના પુણ્ય કરે તોપણ તેમાં ધર્મ નથી, તેથી ચોરાશીના ચોપડેથી તેના છૂટકારા થાય નહીં. માટે હે જીવ! તારે એ જ શીખવા યોગ્ય છે કે જેનાથી જન્મ–મરણનો નાશ થાય. તત્ત્વનો નિર્ણય પ્રથમ જ કરવા યોગ્ય છે. જગત ભલે ગાંડો કહે, નિંદા કરે, પણ આ તત્ત્વનો નિર્ણય ચૂકીશ નહીં. શ્રી સમયસારજીમાં તો કહ્યું છે કે આ તત્ત્વ શું છે તેનું એકવાર કુતૂહલ તો કર! આ બધી આબરુંનું, કિર્તીનું, પૈસાનું, કુટુંબનું મારાપણું માનીને 'પડ' માંડી છે તેને ભૂલીને અંદર આત્મામાં પડી તાગ લગાવ. જેમ કૂવામાં કોશીયો મારી તાગ લાવે છે તેમ આત્મામાં તાગ લાવ. દુનિયાને ભૂલીને–મરીને પણ અંતરતત્ત્વ શું છે એમ અંદર જોવા માટે એકવાર પડ તો ખરો! 'મરીને પણ' એટલે કે ગમે તેટલી પ્રતિકૂળતા વેઠીને પણ કુતૂહલ કર; અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો પણ હવે એકવાર આત્માને અર્થે દેહ ગાળ તો ભવ રહે નહીં. દુનિયાને ભૂલ, દુનિયાની પરવા છોડીને, આત્માના રસમાં મસ્ત થઈ જા, પુરુષાર્થ કરી અંતરના પડદાને તોડી નાખ! જેમ લોકો પેઢી ચલાવતા હોય ત્યાં અમુક લાભદાયક વસ્તુના મુખ્ય વેપાર કરે, તેમ ત્રિલોકનાથ તીર્થંકરદેવની ધર્મની ધીખતી પેઢીમાં મૂળ–પ્રયોજનભૂત રકમો અનેક છે તે નિર્ણયપૂર્વક અવશ્ય જાણવી જોઈએ. કહ્યું છે કે :—

अन्तो णत्थि सुईणं कालो थोओवयं च दुम्मेहा।
तं णवर सिक्खियव्वं जिं जरमरणक्खयं कुणहि ।।९८।।

(પાહુડ દોહા)


શ્રુતિઓનો અંત નથી, કાળ થોડો છે, અમે અલ્પબુદ્ધિવાળા છીએ, તેથી હે જીવ! તારે તે શીખવા યોગ્ય છે કે જેનાથી તું જન્મ–મરણનો નાશ કરી શકે. મોક્ષમાર્ગમાં જરૂરીયાતવાળી કઈ કઈ રકમ છે તે અહીં દર્શાવે છે. પહેલી રકમ 'જિનધર્મ' મૂકી છે.

૧. જિનધર્મ :—ત્રિલોકનાથ તીર્થંકરદેવની ધર્મની ધીખતી પેઢી, કે જ્યાં અષાઢી મેઘની ધારા સમાન ધોખ માર્ગ પ્રવર્તાવનાર વાણી છૂટતી હોય, તેના માર્ગનું શું કહેવું? જિનધર્મ એ જ પરમ સત્યધર્મ છે, તેની ઓળખાણ દ્વારા નિર્ણય કરવો જોઈએ.


૨. જિનમત :—જેણે આત્માના સ્વભાવથી રાગ-દ્વેષ જીત્યા તે જિન તેમનો મત શું છે? તેઓ શું કહે છે? તે જાણવું જોઈએ.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

અભિલાષપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;
અભિલાષ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૪.




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા ૧૩-૧૪)

### ગૃહીત મિથ્યાચારિત્રનું સ્વરૂપ અને તે છોડવાનો ઉપદેશ

जो ख्याति लाभपूजादि चाह, धरि करन विविध विध देहदाह।
आत्म-अनात्मके ज्ञानहीन, जो जो करनी तत करन छीन ॥१४॥

શુદ્ધ આત્માનું ઉગ્રપણે પ્રકાશવું તે તપ છે. શુભરાગનો વિકલ્પ પણ જેનાથી બાહ્ય, અનાત્મા છે એવા આત્મસ્વરૂપના ભાન વિના તપ કેવો? તપમાં તો અંદરના શાંત અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. અતીન્દ્રિય આનંદમાં લીનતા આડે આહારાદિની વૃત્તિ જ ન ઊઠે તે ઉપવાસ તપ છે. આવી શુદ્ધતાના અનુભવ વગર એકલા રાગરૂપ બાહ્યતપ કરીને અજ્ઞાની નવમી ગ્રૈવેયક સુધી ગયો; તે વખતે ગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો તો તેને ત્યાગ હતો, કેમકે તેના ત્યાગ વગર ગ્રૈવેયકમાં જાય નહિ. વસ્ત્રસહિત જે ચારિત્રદશા માને તેને તો ગૃહીત—મિથ્યાચારિત્ર છે, તે તો ગ્રૈવેયકમાં જાય નહિ; અનેક પ્રકારના ગૃહીત મિથ્યાત્વાદિને છોડીને દિગંબર સાધુ થઈ, પંચમહાવ્રત પાળી નવમી ગ્રૈવેયક ગયો પણ આત્માના અનુભવ વગર જીવનો સંસાર મટ્યો નહીં, ને મોક્ષ થયો નહીં; કેમકે તેણે અગૃહીત મિથ્યાત્વાદિ છોડ્યા નહીં અને શુભરાગના વેદનને ચારિત્ર માનીને તેના જ વેદનમાં તે અટકી ગયો, રાગથી ભિન્ન આત્માનું વેદન તેણે ન કર્યું.

સમ્યગ્જ્ઞાન સહિતની વીતરાગતામાં જ સાચું 'જ્ઞાનતપ' (ચૈતન્ય—પ્રતપન) છે; તે સિવાય દેહબુદ્ધિથી જે કાંઈ કરે તે બધા 'બાલતપ' (અજ્ઞાન તપ) છે, તેનાથી ધર્મનો કાંઈ લાભ નથી, પણ તેને ધર્મ માનતાં મિથ્યાત્વરૂપ મોટું નુકશાન થાય છે. અહા, ચારિત્રદશા તો જગત્ પૂજ્ય, મહાન આનંદરૂપ છે, તેમાં ક્લેશ કેવો? મોક્ષમાર્ગનું ચારિત્ર કોને કહેવું તેની ઘણાને ખબર નથી; અત્યારે તો એવા ચારિત્રવંત સાધુને દેખવા પણ દુર્લભ છે. ચારિત્ર તે તો ઉત્તમ સંવર ને નિર્જરા છે; ચારિત્રવંત મુનિ તે સિદ્ધપ્રભુના પાડોશી છે.

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે, ચારિત્ર તેનો વીતરાગભાવ છે, પુણ્ય-પાપ આસ્રવ

**અભિલાષપૂર્વ વિહાર, આસન, સ્થાન નહિ જિનદેવને,**
**તેથી નથી ત્યાં બંધ; બંધન મોહવશ સાક્ષાર્થને. ૧૭૫.**

છે, દેહની ક્રિયાઓ જડ છે—આમ તત્ત્વોની ભિન્નતાના ભાન વગર સાચું ચારિત્ર હોતું નથી. સમ્યગ્દર્શન વગરની બધી પ્રવૃત્તિ તે મિથ્યાચારિત્ર છે. ચારિત્ર તે તો વીતરાગભાવરૂપ ધર્મ છે. ચારિત્રના આનંદ પાસે પુણ્યને પણ ધર્મી જીવ હેયરૂપ જાણે છે. જે સીધી રીતે વિષયોની ભાવના સહિત તપાદિ કરે તેને તો પાપનું પોષણ છે, પણ શુભભાવથી કરે તોપણ કહે છે કે જો આત્માની ખબર નથી તો ક્યાંક ઊંડે માનાદિની વૃત્તિ પડી જ છે. જે ગ્રૈવેયકમાં જાય છે તેના માનેલા દેવ-ગુરુ તો સાચા છે, ને તેનેય મનમાં માયાચાર નથી, કે કોઈને દેખાડવા કરતો નથી, પણ ભેદજ્ઞાન વગર ઊંડે (સૂક્ષ્મ અભિપ્રાયમાં) રાગની મીઠાસ પડી છે, સૂક્ષ્મ રાગના વેદનમાં ધર્મબુદ્ધિ છે એટલે રાગથી જુદો પડીને સ્વભાવને અનુભવતો નથી. અને રાગને જે ધર્મ માને છે તે રાગના ફળની ઈચ્છા કેમ છોડે? ન જ છોડે.—માટે કુંદકુંદ સ્વામી કહે છે કે તે અજ્ઞાની જીવો ભોગહેતુ ધર્મને (પુણ્યને) સેવે છે, પણ મોક્ષહેતુ ધર્મને (સમ્યગ્દર્શનાદિને) જાણતા નથી.—એવા જીવો પણ સંસારમાં જ રખડે છે; તો પછી જેઓ મિથ્યાત્વપોષક કુદેવ-કુગુરુ-કુધર્મનું સેવન કરે છે તેઓ તો ગૃહીત મિથ્યા-શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી સંસારમાં ઘણો ત્રાસ પામે છે—ઘણું દુઃખ પામે છે. માટે હે જીવ! એવા મિથ્યાભાવોને તું છોડ.

જેને સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન નથી તેને, આત્મા કેમ પ્રસિદ્ધ થાય તેની તો ખબર નથી એટલે ક્યાંક બહારમાં પ્રસિદ્ધિની (જશ—આદરસત્કાર વગેરેની) ભાવના પડી છે. ધર્મીને તો સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદના સ્વાદસહિત ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો છે;—ને તે જ ખરી પ્રસિદ્ધિ છે—જેને 'આત્મપ્રસિદ્ધિ' કહેવાય છે. જગતમાં પ્રસિદ્ધિ થાય તોય તેમાં આત્માને શું લાભ? ભાઈ, અંદર તારામાં પોતામાં તો તેં તારા આત્માની પ્રસિદ્ધિ કરી નથી, પછી બહારમાં પ્રસિદ્ધિ થાય તોય તેમાં તને શું લાભ? અને જો સ્વાનુભૂતિ વડે આત્મા પોતે પોતામાં પ્રસિદ્ધ થયો તોપછી જગતમાં બીજા પાસેથી પ્રસિદ્ધિ મેળવવાનું શું કામ છે? ખરેખર, અંદરની સ્વાનુભૂતિમાં ભગવાન આત્મા પોતે પ્રસિદ્ધ થયો છે ત્યાં બાહ્યપ્રસિદ્ધિનું શું કામ છે! અહીં તો કહે છે કે જેને આત્માની પ્રસિદ્ધિ થઈ નથી,—જેનો આત્મા મોહથી ઢંકાયેલો છે, તે જે મિથ્યા આચરણ કરે છે તે બધું ગૃહીત મિથ્યાચારિત્ર છે; તેને દુઃખનું કારણ જાણીને હે જીવ! તું છોડ...ને આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવડે પ્રસિદ્ધ કર.—એ વાત હવેની છેલ્લી ગાથામાં કહે છે.

(ક્રમશઃ) ❋

**આયુક્ષયે ત્યાં શેષ સર્વે કર્મનો ક્ષય થાય છે;**
**પછી સમયમાત્રે શીઘ્ર તે લોકાગ્ર પહોંચી જાય છે. ૧૭૬.**

## સમ્યગ્દર્શન જ આત્માનો ધર્મ

આ આત્મકલ્યાણનો નાનામાં નાનો (બધાથી થઈ શકે તેવો) ઉપાય છે. બીજા બધા ઉપાય છોડીને આ જ કરવાનું છે. હિતનું સાધન બહારમાં લેશમાત્ર નથી. સત્સમાગમે એક આત્માનો જ નિશ્ચય કરવો. વાસ્તવિક તત્ત્વની શ્રદ્ધા વગર અંદરના વેદનની રમઝટ નહિ જામે. પ્રથમ અંતરથી સત્‌નો હકાર આવ્યા વગર સત્ સ્વરૂપનું જ્ઞાન થાય નહિ અને સત્ સ્વરૂપના જ્ઞાન વગર ભવબંધનની બેડી તૂટે નહિ. ભવબંધનના અંત વગરનાં જીવન શા કામનાં? ભવના અંતની શ્રદ્ધા વગર કદાચ પુણ્ય કરે તો તેનું ફળ રાજપદ કે ઈન્દ્રપદ મળે, પરંતુ તેમાં આત્માને શું? આત્માના ભાન વગરના તો એ પુણ્ય અને ઈન્દ્રપદ બધાંય ધૂળધાણી જ છે, તેમાં આત્માની શાંતિનો અંશ પણ નથી. માટે પહેલાં શ્રુતજ્ઞાન વડે જ્ઞાનસ્વભાવનો દ્રઢ નિશ્ચય કરતાં પ્રતીતિમાં ભવની શંકા જ રહેતી નથી અને જેટલી જ્ઞાનની દ્રઢતા થાય તેટલી શાંતિ વધતી જાય છે.

પ્રભુ! તું કેવો છે, તારી પ્રભુતાનો મહિમા કેવો છે, એ તેં જાણ્યો નથી. તારી પ્રભુતાના ભાન વગર તું બહારમાં જેનાં તેનાં ગાણાં ગાયા કરે, તો તેમાં કંઈ તને તારી પ્રભુતાનો લાભ નથી. પરનાં ગાણાં ગાયાં પણ પોતાના ગાણાં ગાયાં નહિ; ભગવાનની પ્રતિમા સામે કહે કે 'હે નાથ, હે ભગવાન! આપ અનંત જ્ઞાનના ધણી છો.' ત્યાં સામો પણ એવો જ પડઘો પડે છે કે 'હે નાથ, હે ભગવાન! આપ અનંત જ્ઞાનના ધણી છો'.......અંતરમાં ઓળખાણ હોય તો એ સમજે ને! ઓળખાણ વગર અંતરમાં સાચો પડઘો (નિઃશંકતા) જાગે નહિ.

શુદ્ધાત્મસ્વરૂપનું વેદન કહો, જ્ઞાન કહો, શ્રદ્ધા કહો, ચારિત્ર કહો, અનુભવ કહો કે સાક્ષાત્કાર કહો–જે કહો તે આ એક આત્મા જ છે. વધારે શું કહેવું? જે કાંઈ છે તે આ એક આત્મા જ છે, તેને જ જુદા જુદા નામથી કહેવાય છે. કેવળીપદ, સિદ્ધપદ કે સાધુપદ એ બધાં એક આત્મામાં જ સમાય છે. સમાધિમરણ, આરાધના એ વગેરે નામો પણ સ્વરૂપની સ્થિરતા જ છે. આ પ્રમાણે આત્મસ્વરૂપની સમજણ એ જ સમ્યગ્દર્શન છે અને એ સમ્યગ્દર્શન જ સર્વ ધર્મનું મૂળ છે, સમ્યગ્દર્શન જ આત્માનો ધર્મ છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—વર્તમાન પર્યાયમાં તો અધૂરું જ્ઞાન છે, તો તે અધૂરા જ્ઞાનમાં પૂરા જ્ઞાનસ્વભાવની ખબર શી રીતે પડે?

ઉત્તર :—જેમ આંખ દોઢ તસુની હોવા છતાં આખા શરીરને જાણી લે છે, તેમ પર્યાયમાં જ્ઞાનનો વિકાસ અલ્પ હોવા છતાં પણ જો જ્ઞાન સ્વસન્મુખ થાય તો પૂર્ણ જ્ઞાનસ્વરૂપી આત્માને સ્વસંવેદનથી તે જાણે છે. કેવળજ્ઞાન થયા પહેલાં અધૂરા જ્ઞાનમાં પણ સ્વસંવેદન પ્રત્યક્ષથી પૂર્ણ જ્ઞાનસ્વરૂપી આત્માનો નિઃસંદેહ નિર્ણય થાય છે. જેમ જ્ઞાન બહારમાં સ્થૂળ પદાર્થોને જાણવામાં અટકી રહ્યું છે, તેમ જ્ઞાનને જો અંતર્મુખ કરો તો તે જ્ઞાન આત્માને જાણે છે, જેમ સાકરની નાની કટકી ઉપરથી આખી સાકરના સ્વાદનો નિર્ણય થઈ જાય છે. તેમ જ્ઞાનની અલ્પ પર્યાયને અંતર્મુખ કરતાં તેમાં પૂર્ણ જ્ઞાનસ્વભાવનો નિર્ણય થઈ જાય છે. કોઈ એમ કહે કે 'અધૂરું જ્ઞાન પૂરા જ્ઞાનને જાણી શકે, પૂરું જ્ઞાન થાય ત્યારે જ પૂરા આત્માને જાણે'—તો તેની વાત જૂઠી છે. જો અધૂરું જ્ઞાન પૂરા આત્માને ન જાણી શકે તો તો કદી સમ્યગ્જ્ઞાન થાય જ નહિ. અધૂરું જ્ઞાન પણ સ્વસન્મુખ થઈને આખા આત્મસ્વભાવને જાણે છે તથા પ્રતીત કરે છે; આવું જ્ઞાન અને પ્રતીતિ કરે ત્યારે જ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે.

પ્રશ્ન :—ચૈતન્યસ્વરૂપ આત્માનું જ ગ્રહણ કરવાનું કહ્યું, પરંતુ 'હું ચૈતન્ય સ્વરૂપ આત્મા છું' એમ લક્ષમાં લેવા જતાં પણ ભેદનો વિકલ્પ તો આવ્યા વગર રહેતો જ નથી? તો પછી વિકલ્પરહિત આત્માનું ગ્રહણ કઈ રીતે કરવું?

ઉત્તર :—પ્રથમ ભૂમિકામાં ગુણ-ગુણીભેદ વગેરનો વિચાર આવશે ખરો, પણ આત્માના ચૈતન્ય લક્ષણથી તેને જુદા જાણીને અભેદ ચૈતન્ય તરફ ઢળજે. ભલે ભેદ વચ્ચે આવો, પણ મારા ચૈતન્યમાં તો ભેદ નથી. 'ચૈતન્ય અવસ્થાનો હું કર્તા, ચૈતન્યમાંથી હું કરું, ચૈતન્યવડે કરું' ઈત્યાદિ છ કારક ભેદના વિચાર ભલે આવે પણ યથાર્થપણે છએ કારકોમાં ચૈતન્યવસ્તુ એક જ છે, તે ચૈતન્યમાં કોઈ ભેદ નથી. આમ, ચૈતન્યસ્વભાવની મુખ્યતા કરીને અને ભેદને ગૌણ કરીને સ્વરૂપસન્મુખ થઈને ભાવના કરતાં જ ચૈતન્યનું ગ્રહણ થાય છે, તે જ સમ્યગ્દર્શન છે, અને તે જ ઉપાયથી મોક્ષ થાય છે.

**કર્માષ્ટવર્જિત, પરમ, જન્મજરામરણહીન, શુદ્ધ છે,**
**જ્ઞાનાદિ ચાર સ્વભાવ છે, અક્ષય, અનાશ, અછેદ્ય છે. ૧૭૭.**

**પ્રશ્ન :—આપ સત્ સમજવાનો અપાર મહિમા બતાવો છો. તેથી શું લાભ? અમે તો વ્રતાદિ કરવામાં માનીએ છીએ.**

ઉત્તર :—સ્વભાવની રુચિપૂર્વક જે જીવ સત્ સમજવાનો અભ્યાસ કરે છે તે જીવને ક્ષણેક્ષણે મિથ્યાત્વભાવ મંદ પડતો જાય છે. એક ક્ષણ પણ સમજવાનો પ્રયત્ન નિષ્ફળ જતો નથી.

અજ્ઞાની જીવ વ્રતાદિમાં ધર્મ માનીને જે શુભભાવ કરે તેના કરતાં સત્ સમજવાના લક્ષે જે શુભભાવ થાય છે ઊંચી જાતનો છે. વ્રતાદિમાં ધર્મ માનીને જે શુભભાવ કરે છે તે જીવને તો અભિપ્રાયમાં મિથ્યાત્વ પોષાતું જાય છે અને સત્ સમજવાના લક્ષે તો ક્ષણે ક્ષણે મિથ્યાત્વ તૂટતું જાય છે. અને જેને સત્ સમજવામાં આવી જાય તેની તો વાત જ શું?

**પ્રશ્ન :—આ તત્ત્વનું સ્વરૂપ અનુમાનજ્ઞાનથી ખ્યાલમાં આવે છે પણ અનુભવથી ખ્યાલમાં નથી આવતું.**

ઉતર :—પ્રયોજનભૂત નવ તત્ત્વોનું સ્વરૂપ પહેલા અનુમાનજ્ઞાનથી ખ્યાલમાં આવે પછી અનુભવ થાય છે. પહેલા શુકન થાય પછી તેનું ફળ આવે છે ને! તેમ પહેલા અનુમાનજ્ઞાનથી ખ્યાલમાં લ્યે પછી અનુભવ થાય.

**પ્રશ્ન :—નિર્મળ પર્યાયને તો અંતર્લીન કહી છે ને?**

ઉત્તર :—એ તો સ્વ સન્મુખ વળી છે તેથી તે પર્યાયને અંતર્લીન કહ્યું છે પણ તેથી કાંઈ પર્યાય ધ્રુવમાં ભળી જતી નથી. ધ્રુવના આશ્રયે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ પછી ચારિત્રની શુદ્ધિ પણ પર્યાયના આશ્રયે થતી નથી. ત્રિકાળી અંતઃતત્ત્વ જે ધ્રુવ તળદળ છે તેના આશ્રયે જ ચારિત્રની શુદ્ધિ થાય છે. આ વસ્તુની સ્થિતિ છે, ભગવાનના વચનો છે, આ ઉપદેશ ભેદજ્ઞાનની પરાકાષ્ટાનો છે. પ્રભુ! નિર્મળ પર્યાય બહિર્તત્ત્વ છે, તે નિર્મળ પર્યાયના આશ્રયે ટકે નહિ, વધે નહિ, પણ અંતઃતત્ત્વ જે ધ્રુવતત્ત્વ છે તેના જ આશ્રયે પ્રગટે છે, ટકે છે ને વધે છે. દયા-દાન આદિના પરિણામ એ તો મલિન બહિર્તત્ત્વ છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ તે નિર્મળ બહિર્તત્ત્વ છે. દ્રવ્યદૃષ્ટિ તો એક શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે.

**અનુપમ, અતીંદ્રિય, પુણ્યપાપવિમુક્ત, અવ્યાબાધ છે,**<br>**પુનરાગમન વિરહિત, નિરાલંબન, સુનિશ્ચળ, નિત્ય છે. ૧૭૮.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :*—ચોથા ગુણસ્થાનમાંથી પાંચમું ગુણસ્થાન આવે તે જ્ઞાનીને કેમ ખબર પડે?

**સમાધાન :**—તેની સ્વાનુભૂતિની દશા વધતી જાય છે, અંતરમાં પરિણતિની નિર્મળતા વધતી જાય છે, ગૃહસ્થાશ્રમને યોગ્ય જે પરિણામો હોય તેનાથી વિરક્તિનાં પરિણામ વિશેષ વધતાં જાય છે, એટલે તે પકડી શકે છે.

*પ્રશ્ન :*—પાંચમા ગુણસ્થાનમાં નિર્વિકલ્પદશા વધતી જાય છે?

**સમાધાન :**—(હા), નિર્વિકલ્પદશા વધતી જાય છે ને સવિકલ્પદશામાં પણ વિરક્તિ વધતી જાય છે. નિર્વિકલ્પદશા પણ વધે અને સવિકલ્પતામાં પણ વિરક્તિ વધારે હોય છે.

*પ્રશ્ન :*—ચોથા ગુણસ્થાનમાં અને ચોથા ગુણસ્થાનમાં પણ એવી રીતે ફેર પડતો હશે ને?

**સમાધાન :**—ચોથા ગુણસ્થાનની ભૂમિકા એક ને એક હોય, પણ અમુક પરિણતિની તારતમ્યતામાં ફેર હોય છે.

*પ્રશ્ન :*—કયા લક્ષણથી ખ્યાલ આવે કે આ સાચી મુમુક્ષતા છે?

**સમાધાન :**—''માત્ર મોક્ષ અભિલાષ''—એક આત્માની જેને અભિલાષા છે, બીજી કોઈ અભિલાષા નથી; દરેક કાર્ય અને દરેક પ્રસંગની અંદર મારે એક આત્મા જ જોઈએ છે—એમ એક આત્મા જ જેને ધ્યેય છે અને જે કોઈ સંકલ્પ વિકલ્પરૂપ વિભાવો થાય તેમાં તન્મયતા નથી, પણ માત્ર આત્માની અભિલાષા જેને મુખ્યપણે વર્તે છે, તેને સાચી મુમુક્ષુતા છે. જેને માત્ર આત્માની જ અભિલાષા છે કે મને આત્મા કેમ પ્રાપ્ત થાય? મને સ્વાનુભૂતિ કેમ પ્રાપ્ત થાય? ને જેને બહારના કોઈ પદાર્થોની ઈચ્છા કે અભિલાષા નથી તે બહારનાં બધાં કાર્યોમાં જોડાય, છતાં બધું ગૌણ હોય છે. તેને ધ્યેય માત્ર એક આત્માનું છે કે એક

જ્યાં દુઃખ નહિ, સુખ જ્યાં નહીં, પીડા નહીં, બાધા નહીં,
જ્યાં મરણ નહિ, જ્યાં જન્મ છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૭૯.

આત્મા કેમ પ્રાપ્ત થાય? જોકે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા વગેરે બધું તેને હોય છે, પણ આત્મા વગર તેને ક્યાંય ચેન પડતું નથી. ગુરુદેવ કહેતા હતા કે તું તારા આત્માને જો, તું આત્માનું જ્ઞાન કર, આ બધું તારાથી જુદું છે—આમ પોતે અંદર જિજ્ઞાસાથી આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે, તે સાચી મુમુક્ષુતા છે.

***પ્રશ્ન :***—૧૧ અંગનું જ્ઞાન કર્યું હોય છતાં તે ઉપયોગને શાસ્ત્રમાં સ્થૂલ કહ્યો છે અને જે ઉપયોગે ચૈતન્યસ્વભાવને ગ્રહણ કર્યો તેને સૂક્ષ્મ કહ્યો છે એનું શું કારણ?

**સમાધાન :**—ચૈતન્ય તત્ત્વને ગ્રહણ નથી કર્યું એટલે ઉપયોગ સ્થૂલ છે. જો પોતાના ચૈતન્ય તત્ત્વને ગ્રહણ કરે તો તે ઉપયોગ સૂક્ષ્મ છે. ૧૧ અંગનું જ્ઞાન કર્યું એમાં બધું જાણ્યું પણ અંતર આત્માને ગ્રહણ ન કર્યો એટલે ઉપયોગ સ્થૂલ છે.

બાહ્ય શ્રુતજ્ઞાનમાં ભલે દ્રવ્ય—ગુણ—પર્યાય જાણ્યા, બધું જાણ્યું ખરું, પણ 'હું આ ચૈતન્ય છું' એમ ગ્રહણ ન કર્યું એટલે ઉપયોગ સ્થૂલ છે. તે ઉપયોગ સ્વસન્મુખ ન વળ્યો અને બહાર ને બહાર રહ્યો તેથી સ્થૂલ છે. જે ઉપયોગ ચૈતન્યને ગ્રહણ કરે તે ઉપયોગ સૂક્ષ્મ છે.

બહારનું ગમે તે જાણ્યું તો પણ ઉપયોગને સ્થૂલ કહેવાય, કારણ કે પોતાને ગ્રહણ નથી કર્યો. સ્વસન્મુખ—પોતા તરફ દિશા ન વળી, સ્વભાવને ન ઓળખ્યો તેથી બહાર રહેલ ઉપયોગને સ્થૂલ કહેવાય છે.

***પ્રશ્ન :***—સ્થૂલ ઉપયોગનો વિસ્તાર કર્યો તે બરાબર છે, પણ સૂક્ષ્મ ઉપયોગના વિષયમાં થોડો વિસ્તાર કરવા કૃપા કરશો.

**સમાધાન :**—પોતાના અંતરમાં ઉપયોગ જાય તે ઉપયોગ સૂક્ષ્મ છે. પોતાની સન્મુખ જાય કે હું આ ચૈતન્ય છું, હું ચૈતન્ય દ્રવ્ય છું, આ જ્ઞાયક છું—એમ પોતાના સ્વભાવ તરફ જાય તો તેની દિશા બદલાય છે, તેથી તે ઉપયોગને સૂક્ષ્મ કહેવાય છે.

સ્થૂલ ઉપયોગની દિશા તો બહાર ને બહાર જ છે, પોતાના અરૂપી તત્ત્વને ગ્રહણ કરે તો તેની અંતરમાં દિશા વળે જે સૂક્ષ્મ ઉપયોગ છે. અંતરમાં જઈને સ્વભાવને ગ્રહણ કરે તે ઉપયોગ સૂક્ષ્મ છે. ધીરો થઈને અંતરમાં જુએ કે આ સ્વભાવ છે અને આ વિભાવ છે, એમ પોતે પોતાના સ્વભાવને ગ્રહણ કરે તો તે ઉપયોગને સૂક્ષ્મ કહેવાય.

**નહિ ઇન્દ્રિયો, ઉપસર્ગ નહિ, નહિ મોહ, વિસ્મય જ્યાં નહીં,**
**નિદ્રા નહીં, ન ક્ષુધા, તૃષા નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૦.**

## બાળ વિભાગ

# સુભૌમ ચક્રવર્તી

રાજભવન સુંદર ધ્વજા, પતાકા આદિથી સુશોભિત હતું, ચારે બાજુ દિવાલો અને કિલ્લા ઉપર સુંદર ચિત્રો બન્યા હતા, છ ખંડનો અધિપતિ સુભૌમ ચક્રવર્તી રત્નજડિત સ્વર્ણ-સિંહાસન ઉપર બિરાજમાન હતો, પાસે મંત્રીગણ અને અન્ય સભાસદો બેઠા હતા. સંગીત, નૃત્યગાનની છમછમથી બધાનું મન મોહિત થઈ રહ્યું હતું. ત્યાં અચાનક પૂર્વભવનો વૈરી દેવ બદલો લેવાની ઈચ્છાથી વેપારીનો વેષ ધારણ કરી એક ફળ રાજાને ભેટ ધર્યું અને કહ્યું કે હે રાજન્ ! તમે આવું સુંદર ફળ ક્યારેય ચાખ્યું નહીં હોય.

રાજાએ ફળ ખાઈને ખૂબ પ્રસન્ન થઈ વેપારીને પૂછે છે કે આવા સ્વાદિષ્ટ ફળ ક્યાંથી લાવ્યા ? વેપારીએ કહ્યું ‘‘રાજન્ ! અમારા દેશમાં ચાલો હું ત્યાં તમને આવા અનેક ફળ ખવડાવીશ.’’

જુઓ ! રસના ઈન્દ્રિયની લોલુપતાને કારણે ચક્રવર્તીનો વિવેક પણ નષ્ટ થઈ ગયો. તેણે વિચાર પણ ન કર્યો કે ચક્રવર્તી સમાન ભોગોપભોગ સામગ્રી કોઈને મળી શકે ખરી ? તે તો રસનેન્દ્રિયની તીવ્ર આસક્તિને કારણે તે ફળોને ખાવામાં જ સંપૂર્ણ સુખ માનવા લાગ્યો. તે વિચારવા લાગ્યો કે બધી જ સામગ્રીઓ હોવા છતાં પણ આ ફળની કમી મારી પાસે કેમ રહે ? એટલે કે એની કમી ન રહેવી જોઈએ. જોકે તે ઈચ્છા કરે તો આજ્ઞાકારી સેવક દેવોથી આ અનુપમ ફળ મંગાવી શકતો હતો, પણ તેને તો તે ફળના સ્વાદ ચાખવાની લોલુપતાનો એવો નશો ચડ્યો કે તેને હવે પોતાને ત્યાં રહેલી સામગ્રી નિઃરસ લાગવા લાગી. સુભૌમ ચક્રવર્તીએ વિચાર કર્યો કે જો હું ત્યાં એકલો જઈશ તો એકલો જ ફળ ખાઈ શકીશ માટે મારે સહકુટુંબ જાવું જોઈએ. આમ વિચાર કરી ચક્રવર્તીએ વિશાળ ચર્મરત્ન નામની નાવમાં સ્ત્રી-પુત્રાદિ સહિત સમુદ્રમાં પ્રયાણ કર્યું.

હવે દેવ મનમાં અત્યંત પ્રસન્ન થઈ રહ્યો હતો કે એકલો રાજા જ નહીં પણ તેના સમસ્ત પરિવારને હું ડુબાડી દઈશ. સાથે એ પણ વિચાર આવ્યો કે જેની હજારો દેવ સેવા કરે છે, જેની પાસે નવ નિધિ ને ચૌદ રત્ન છે તેને મારી નાખવું કોઈ સહેલું કામ નથી.

સુભૌમ ચક્રવર્તી સમુદ્રની તરંગો ઉપર તરતી નાવમાં હાસ્ય-વિલાસ કરતા આગળ વધી રહ્યા હતા ત્યાં તે દેવ દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલ તોફાનથી તેની નાવ ડોલવા લાગી, જેનાથી ચક્રવર્તીનું હૃદય કાંપવા લાગ્યું તેણે ભયભીત થઈને દેવને પૂછ્યું કે આનાથી બચવાનો કોઈ

> જ્યાં કર્મ નહિ, નોકર્મ, ચિંતા, આર્તરૌદ્રોભય નહીં,
> જ્યાં ધર્મશુક્લધ્યાન છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૧.

ઉપાય છે? પાપી રાજાના પાપનો ઉદય હોવાથી દેવને દુષ્ટ બુદ્ધિ ઉત્પન્ન થવાથી તેણે કહ્યું કે સમુદ્રની મધ્યમાં અન્ય કોઈ ઉપાય નથી. જો તમે અનાદિ-નિધન નમસ્કાર મંત્ર, અપરાજિત મંત્ર જે ણમો અરિહંતાણં છે, તેને પાણીમાં લખીને પોતાના પગથી તેને ભૂસી નાખો તો તમે બચી શકો છો.

તે હિત-અહિતનો વિવેક છોડીને તો ઘરથી નિકળ્યા હતા, પોતાની અનુપમ સંપત્તિ ને ચક્રવર્તી પદનો જેણે વિવેક ખોઈ નાખ્યો છે અને અજાણ્યા વ્યક્તિનો વિશ્વાસ કરીને એક તુચ્છ ફળ ખાવાની લોભમાં ચાલી નીકળ્યો છે એવો સુભૌમ ચક્રવર્તી આ અનિત્ય જીવનની ઈચ્છા અને મોતના ભયથી જેવો પાણીમાં ણમોકાર મંત્ર લખીને ભૂસવા તત્પર થયો ત્યાં જ પાપનો રસ અતિતીવ્ર થવા લાગ્યો અને નાવ ડૂબવા લાગી ત્યારે પૂર્વનો વૈરી દેવ આવીને કહેવા લાગ્યો કે “હું તે જ રસોઈયો છું કે જેના ઉપર તમે ગરમ ગરમ ખીર નાખી હતી જેનાથી મારો તરફડી તરફડીને જીવ નીકળ્યો હતો. આર્તધ્યાનથી હું વ્યંતર જાતિનો દેવ થયો છું. અને પૂર્વભવનો બદલો લેવા માટે મેં આ બધું કર્યુ છે.”

હવે પશ્ચાત્તાપથી શું થાય? જેનું પુણ્ય સમાપ્ત થઈ ગયું છે એવો ચક્રવર્તી પણ અપમાનજનક શબ્દો સાંભળી તથા નજરની સામે જ કુટુંબ પરિવારનું મૃત્યુ જોઈ તીવ્ર સંક્લેશ ભાવથી મરણને પ્રાપ્ત થઈ સાતમી નરકમાં ૩૩ સાગરોપમના અત્યંત દુઃખમાં ઉપજ્યો.

આ જીવ પોતાનું નિજ સ્વરૂપને ભૂલીને તીવ્રમોહના કારણે મહાન દુઃખને ભોગવે છે. જ્ઞાની નિષ્કારણ કરુણાથી સંબોધન કરે છે કે અનંતાનંત કાળમાં મહાન દુર્લભ મનુષ્યપર્યાય મળ્યો, અવસર મળ્યો, પણ જે વિષયોમાં લીન રહે છે, તે રાખને માટે રત્નને બાળે છે. આ જીવ પોતાનું અર્ધુ જીવન તો નિદ્રાદિ પ્રમાદમાં વિતાવે છે, થોડા પાપમાં જે સમય બાકી રહે છે તેને કુધર્મ માનવાવાળા પાસે જાય તો તે મિથ્યા માન્યતા દૃઢ કરાવી જીવનને બર્બાદ કરાવી દે છે. આ ઉપરાંત ઈન્દ્રિયોનું દાસત્વ, વ્યસનોની ગુલામી, મિથ્યાત્વ તથા માનાદિ કષાય દ્વારા જીવ હિત-અહિતનું ભાન ભૂલી જાય છે.

મિથ્યાત્વ અને ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયની પ્રવૃત્તિથી ક્ષણ-ક્ષણમાં જે પોતાના ભયાનક ભાવમરણ થાય છે, તેનાથી બચવાને માટે પ્રથમ તો સત્સમાગમથી નિર્મળ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. સાચું સુખ અંતરમાં છે. તેને ભૂલીને દુઃખને જ સુખ માનવારૂપ મિથ્યા ઉપાય દ્વારા જીવ અનાદિથી દુઃખને જ ભોગવે છે. માટે હે જીવ! ફરી પશ્ચાત્તાપ કરવાનો સમય ન મળે એવા તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિનો ઉદ્યમ કર, પ્રયત્ન કર!! આનાથી શુદ્ધ સ્વરૂપમાં રુચિ થશે અને વિષય કષાય આદિ પાપ સ્વયમેવ નષ્ટ થવા લાગશે. માટે જ કહ્યું છે કે—

જબ નિજ આતમ અનુભવ આવે, તબ ઔર કછુ ન સુહાવે. જબ નિજ..
રસ નીરસ હો જાત તત્ક્ષણ, અક્ષ-વિષય નહિં ભાવે... જબ નિજ.. ❋

(અનુસંધાન પેજ નં. ૬ થી ચાલુ) (દસલક્ષણ ધર્મ)

ઘણો જ રાગનો અભાવ કંઈક કરે તો અતીન્દ્રિય આનંદની ઉગ્ર અનુભવમાં આનંદ આવે છે તેને અહીં દસ પ્રકારનો ધર્મ કહેવામાં આવે છે. આ તો ક્ષમા કરીને આ કર્યું એવી વાત નથી. આ તો ઉત્તમ ક્ષમા ને ઉત્તમ માર્દવ... અંતરમાં આત્મા આનંદ પ્રભુ તેના અંતર અનુભવમાં અતીન્દ્રિય સ્વાદનું આવવું તેનું નામ સમ્યગ્દર્શન છે અને ચારિત્ર વિશેષ આનંદનું આવવું તેનું નામ ચારિત્ર છે ને તેમાં આ દસ પ્રકારનો ધર્મ ને સુખના સ્વાદમાં વૃદ્ધિ થાય છે.

(અનુસંધાન પેજ નં. ૧૯ થી ચાલુ) (અધ્યાત્મ સંદેશ)

૩–૪. દેવ-કુદેવ :—સિદ્ધ અને અરિહંત એ બન્ને દેવ છે. તેમાં અરિહંત દેવ કોને કહેવા? તેમનું લક્ષણ શું છે? એ જાણવું જોઈએ; તેથી વિરુદ્ધ હોય તે કુદેવ છે.

૫–૬. ગુરુ-કુગુરુ :—સાચા ગુરુ કોણ છે? વેશ ધારણ કરી લીધો માટે ગુરુ–એમ નથી. દરેક પોતાને સાચા જ કહેવડાવે છે, પણ તેમાં સાચા કોણ છે અને દંભી કોણ છે તેનો નિર્ણય કરવો જોઈએ.

૭–૮. શાસ્ત્ર-કુશાસ્ત્ર :—અનેક શાસ્ત્રો છે તેમાંથી સાચા ક્યા, અને ખોટા ક્યા? ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં કહેવાયેલા તત્ત્વનું સ્વરૂપ બતાવનારા શાસ્ત્ર ક્યા છે અને તેનાથી વિરુદ્ધ ક્યા છે તેનો નિર્ણય કરવો પડશે.

બધી પ્રયોજનભૂત રકમનો યથાર્થ નિર્ણય કરવો પડશે. કેમકે પ્રયોજન-ભૂત રકમના નિર્ણય વગર તત્ત્વજ્ઞાન હોઈ શકે નહીં. એ પ્રયોજનભૂત રકમો કહેવાય છે, તેમાં આઠ કહેવાણી, વિશેષ કહેવાશે. (ક્રમશઃ) ❋

## ક્ષ....મા....પ....ના

**આત્મધર્મનું લેખન-સંપાદન પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાદૃષ્ટિમાં, માત્ર સ્વ-પરના આત્માર્થની પુષ્ટિ થાય એ એક જ ધ્યેયપૂર્વક કરવામાં આવે છે. હૃદયમાં દેવ-ગુરુ-ધર્મની ભક્તિપૂર્વક ને સાધર્મી પ્રેમપૂર્વક તેનું સંકલન કરવામાં આવે છે. તેમ છતાં કોઈ ભૂલચૂક થઈ હોય, કે કોઈની લાગણી મારાથી દુભાઈ હોય, તો અંતરના ભાવપૂર્વક દેવ-ગુરુ-ધર્મ, પ્રત્યક્ષ ઉપકારી સંતો તથા સાધર્મીજનો પ્રત્યે ક્ષમા માંગુ છું.**

**—તંત્રી**

દગ-જ્ઞાન કેવળ, સૌખ્ય કેવળ, વીર્ય કેવળ હોય છે,
અસ્તિત્વ, મૂર્તિવિહીનતા, સપ્રદેશમયતા હોય છે. ૧૮૨.

## શ્રી ગુજરાત-સૌરાષ્ટ્ર ભગવતી મહિલા મંડળ દ્વારા આયોજિત
## મહિલા મંડળ શિરછત્ર સ્વાત્માનુભવી ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના
## ૧૧૧મા મંગલ જન્મોત્સવની ઉજવણી હર્ષોલ્લાસ સહ સંપન્ન

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં શ્રી ગુજરાત-સૌરાષ્ટ્ર ભગવતી મહિલા મંડળ દ્વારા આયોજિત મહિલામંડળ શિરછત્ર સ્વાત્માનુભવી પૂજ્ય બહેનશ્રીનો ૧૧૧મો મહામંગલકારી જન્મોત્સવ તા. ૧૭-૮-૨૦૨૪, શનિવારથી તા. ૨૧-૮-૨૦૨૪, બુધવાર સુધી અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગને ભવ્ય રીતે ઉજવવો એવી મહિલા મંડળની ભાવના હતી. મહિલા મંડળને ઉત્સવ ઉજવવાનો ઉત્સાહ ઘણો હતો. ડોમ ૧૧૧ના અંકથી વિશેષરૂપ શોભાયમાન હતો તથા મંદિરોના પ્રવેશદ્વારોને પણ વિશેષ સજાવટ કરવામાં આવી હતી. મહોત્સવના પ્રથમ દિવસે સુવર્ણપુરી સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના માંગલિક અને 'તું પરમાત્મા છો'ની વાણીથી ગુંજી ઉઠી  તથા ધર્મમાતા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા અને ત્યારબાદ ધર્મધ્વજારોહણ કરીને મહોત્સવનો શુભારંભ થયો.

### ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

જન્મજયંતી ઉત્સવ માટે શ્રી સમવસરણ વિધાન પૂજાનું આયોજન પરમાગમમંદિરની આગળના ભાગમાં પૂજન મંડપમાં કરવામાં આવ્યું હતું. પૂજન મંડપના મધ્ય માંડલામાં તીર્થંકર શ્રી મહાવીર ભગવાનના સમવસરણની રચના કરવામાં આવી હતી. જેમાં વિવિધ ભૂમિઓ, સભા મુજબ સમવસરણની રચના કરવામાં આવી હતી. જેમાં ચારે દિશામાં મહાવીર ભગવાનની સ્થાપના કરવામાં આવી હતી. પૂજનમાં સમવસરણની રચનાઓનું ભાવવાહી સરળ ભાષામાં સુંદર વર્ણન છે. પૂજનાર્થીઓ જાણે સમવસરણમાં જ ભગવાનનું પૂજન કરી રહ્યા હોય એવી ભાવના અનુભવી રહ્યા હતા. આયોજક દ્વારા મુમુક્ષુઓ માટે પૂજનની ખૂબ જ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

મહોત્સવના દિવસોમાં દૈનિક કાર્યક્રમમાં સવારે ૬.૦૦ થી ૬.૨૦ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, ૭.૪૫ થી ૮-૪૫ સમવસરણ વિધાન પૂજા, ૯.૦૦ થી ૧૦.૦૦ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસારજી ઉપર સીડી પ્રવચન, પછી પ્રાસંગિક જાહેરાતો, પૂજ્ય બહેનશ્રીની ભક્તિ, ૧૦.૩૦ થી ૧૧.૩૦ ધાર્મિક શિક્ષણ વર્ગ, બપોરે યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન, ૪.૦૦ થી ૪.૩૦ શ્રી જિનેન્દ્ર ભક્તિ, પછી ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજે ૬.૪૫ થી ૭.૩૦ બહેનો દ્વારા સાંજી ભક્તિ, ૭.૪૫ થી ૮-૪૫ બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, ત્યાર બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ મહોત્સવના પ્રથમ દિવસે ભગવતી કાર્નિવલ તેમજ ભગવતી ઓડિટોરિયમનું ઉદ્‌ઘાટન ટ્રસ્ટીગણ તથા મહિલામંડળ અને મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ઉત્સવ દરમ્યાન સાંજે વિવિધ મંડળો દ્વારા મંડપમાં સાંજીભક્તિનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ વિવિધ મંડળોની બહેનો દ્વારા ભક્તિ સહ નૃત્ય, ગરબા આદિ પ્રસ્તુત કર્યા હતા. ત્યારબાદ ભજનમંડળી દ્વારા પૂજ્ય બહેનશ્રીની ભાવવાહી ભક્તિ કરવામાં આવતી હતી. ઉત્સવના દરેક કાર્યક્રમોમાં મુમુક્ષુભાઈ-બહેનો અત્યંત ઉલ્લાસથી ભાગ લેતા હતા.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ દિવસે જૈન રામાયણ પર નાટક-ફિલ્મ દર્શાવવામાં આવી હતી. બીજે દિવસે હમણાં થયેલ જંબૂદ્વીપ-બાહુબલી પંચકલ્યાણકની શોર્ટ ફિલ્મ તથા ત્રીજા દિવસે સમ્યક્ત્વ સન્મુખ પરિણતિ નાટક ફિલ્મરૂપે તથા ચોથે દિવસે પૂજ્ય બહેનશ્રીના જીવન પર આધારિત જ્ઞાનવૈભવ નાટકને ખૂબ જ ભાવવાહી, ભવ્યતાથી પ્રસ્તુત કરવામાં આવેલ.

**ભવ્ય રથયાત્રા**

મહોત્સવના ચોથા દિવસે શ્રી મહાવીર ભગવાનની રથયાત્રાનું આયોજન થયું હતું. ભગવાનના મંગળ રથ સાથે વિવિધ બગીઓ કે જેમાં જિનવાણી, આચાર્ય ચિત્રપટ, ગુરુદેવશ્રીનું સ્ટેચ્યુ આદિ હતા અને સાથે પારણાઝુલનનો ફ્લોટ પણ સામેલ હતો. આ રથયાત્રામાં આબાલ-વૃદ્ધ ભાઈઓ તથા બહેનો ભક્તિરસમાં તન્મય થઈને નૃત્ય કરતાં કરતાં ભાવવાહી ભજનો ગાતાં હતાં.

**❉ જન્મ મહોત્સવ શ્રાવણ વદ-૨નો અભૂતપૂર્વ કાર્યક્રમ ❉**

ઉત્સવના મુખ્ય દિવસે પૂજ્ય ગુરુદેવશ્રી પૂર્વે રાજકુમારના ભવમાં મિત્ર શેઠપુત્ર દેવાભાઈ સાથે શ્રી સીમંધર ભગવાનના સમોસરણમાં દર્શને આવે છે ત્યારે કુંદકુંદાચાર્યની ઉપસ્થિતિ હતી તે બનાવવામાં આવ્યું હતું, તથા બીજી બાજુમાં ધાતકીખંડના ભાવિ તીર્થંકરનું સમવસરણ બનાવવામાં આવ્યું હતું. પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીનાં મહામંગળકારી જન્મ દિવસે વહેલી સવારે દેવ-શાસ્ત્ર-ગુરુદર્શન તથા પૂજ્ય બહેનશ્રીની ચર્ચા રાખવામાં આવી હતી. ત્યારબાદ શ્રી સમવસરણ વિધાનનું સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું કલ્યાણકારી સીડી પ્રવચન, પછી વિવિધ પ્રાસંગિક જાહેરાત થઈ હતી. પછી ભગવતી મહિલા મંડળની બહેનો દ્વારા બહેનશ્રીની પ્રતિકૃતિને ભક્તિપૂર્વક નૃત્ય કરતા સ્ટેજ પર લાવવામાં આવેલ. આ પ્રસંગે બ્રહ્મચારીણી બહેનો પણ ચામર નૃત્ય દ્વારા પોતાની ભક્તિ કરી રહ્યા હતા. આ પ્રસંગે ભજનમંડળી દ્વારા સ્વાગતગીત તથા ભક્તિની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે મુમુક્ષુઓનો ખૂબ જ ઉત્સાહ દેખાતો હતો. ત્યારબાદ વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુમુક્ષુઓએ ઉલ્લાસથી માતાજીને વધાવ્યા હતા.

**મહોત્સવના વિશિષ્ટ કાર્યક્રમો**

(૧) ભગવતી કાર્નિવલમાં જ્ઞાન સાથે રસપ્રદ માહિતિરૂપે જંબૂદ્વીપની અકૃત્રિમ ચૈત્યાલય અને બીજી અન્ય પ્રકારની ધાર્મિક ગેમ મહિલા મંડળ દ્વારા રમાડવામાં આવી હતી.

(૨) આરાધના ઓડિટોરિયમમાં સતી અંજના, સતી રાજુલ તથા ધર્મની શોભા ત્રણ શોર્ટ ફિલ્મ જેના પાંચ શો દિવસ દરમ્યાન રાખવામાં આવેલ હતા.

(૩) સમ્યક્ત્વ સન્મુખ ક્વીઝ જે ઓનલાઈન રાખવામાં આવી હતી જેમાં દરરોજ પ્રથમ, દ્વિતીય, તૃતીય વિજેતાઓને તે દિવસે રાત્રે ઇનામ આપવામાં આવેલ.

(૪) ઉત્સવના ચોથા દિવસે પૂજ્ય બહિનશ્રીના જીવન આધારિત "જ્ઞાનવૈભવ" નાટકને સુંદર અભિનય, અધ્યાત્મરસ ભરપૂર સંવાદ કે જેમાં પ્રત્યેક સંવાદમાં ભવભ્રમણથી છૂટવા માટે અને આનંદની પ્રાપ્તિ માટે સમ્યગ્દર્શનનું માહાત્મ્ય અને તેની પૂજ્ય બહેનશ્રીને પ્રાપ્તિ તથા જાતિસ્મરણ આદિ પ્રસંગને દર્શાવતું, સુંદર વેશભૂષા સાથે આધુનિક લાઈટીંગ અને સાઉન્ડ આદિ ઈફેક્ટ આપીને ખૂબ જ ભવ્ય રીતે પ્રસ્તુત કરવામાં આવેલ.

મહોત્સવ ઉજવવાનો આયોજક શ્રી ગુજરાત-સૌરાષ્ટ્ર ભગવતી મહિલા મંડળનો ઉત્સાહ અને આયોજન ખૂબ જ પ્રશંસાપાત્ર હતો. આયોજકો દ્વારા મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## વૈરાગ્ય સમાચાર :–

✻ જામનગર નિવાસી સુમનબેન જગદીશચંદ્ર ટોલીયા (ઉ.વ. ૯૫)નું તા. ૩-૬-૨૦૨૪ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

✻ સોનગઢ નિવાસી બ્ર. ઈન્દુબેન ચીમનલાલ ડેલીવાળા (ઉ.વ. ૯૧) (-તેઓ નિરંજભાઈ ડેલીવાળા તથા લતાબેન અનંતરાય જલગાંવના મોટા બેન)નું તા. ૭-૭-૨૦૨૪ના રોજ દેહ ટૂંકી માંદગીમાં તેમનો દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ પોતાના આખા કુટુંબને આ ધર્મ તરફ વાળેલ હતાં. તેઓ સોનગઢમાં રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો નિયમિત લાભ લેતા હતા.

✻ રાજકોટ નિવાસી કંચનબેન વિનોદરાય કામદાર (-તેઓ ટ્રસ્ટી શ્રી રાજેન્દ્રભાઈ કામદારના માતુશ્રી) તા. ૧૦-૭-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ધર્મવત્સલ, વાત્સલ્યપ્રેમી તથા ધાર્મિક વૃત્તિવાળા હતા. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો નિરંતર શ્રવણ-વાંચન-અભ્યાસ કરતા. તેમને હૈદ્રાબાદ પંચકલ્યાણ પ્રતિષ્ઠામાં ઈન્દ્રાણી બનવાનો લાભ ઉપરાંત પૂજ્ય ગુરુદેવશ્રી જન્મજયંતી, બહેનશ્રી જન્મજયંતી, સમ્યક્ત્વજયંતી, કુંદકુંદાચાર્ય પદારોહણ દિન, પરિવર્તનદિન આદિ પ્રસંગો ઉજવવાનો અમૂલ્ય લાભ લીધેલ હતો. આ ઉપરાંત રાજકોટમાં નૂતન જિનમંદિર નિર્માણમાં સક્રિય ફાળો આપ્યો હતો.

✻ સોનગઢ નિવાસી બ્ર. તારાબેન દોશી (ઉ.વ. ૮૪)નું તા. ૨૦-૭-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ બ્રહ્મચર્ય વ્રત લઈને જીવનના અંત સુધી સોનગઢ રહી ધર્મધ્યાનનો લાભ લીધો હતો.

✻ શ્રી મહેન્દ્રભાઈ પી. શાહ (ઉ.વ. ૯૪)નું તા, ૩૧-૭-૨૦૨૪ના રોજ અમદાવાદ મુકામે દેહ પરિવર્તન થયેલ છે. તેઓશ્રી નિયમિત ગુરુદેવશ્રીના પ્રવચન તથા દેવ-શાસ્ત્ર-ગુરુનું ચિંતવન કરતા હતા.

✻ વીંછીયા નિવાસી સ્વ. લીલાધરભાઈ ધનજીભાઈ અજમેરા (ઘાટકોપર ભજનમંડળીવાળા)ના પત્ની સંગીતાબેન (ઉ.વ. ૮૯)નું તા. ૨૫-૭-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ લાઠી નિવાસી હાલ મુલુંડ હરખચંદભાઈ વનેચંદભાઈ ભાયાણીનું તા. ..-૦૮-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ લાઠી નિવાસી (હાલ સોનગઢ) ઈન્દિરાબેન રસિકભાઈ શાહનું તા. ૧૬-૮-૨૦૨૪ના રોજ પૂના મુકામે દેહ પરિવર્તન થયેલ છે.

✻ પોરબંદર નિવાસી (હાલ વિલે પાર્લા) શ્રી જગદીશભાઈ હરિલાલ બખાઈ (ઉ.વ. ૮૫)નું તા. ૧૬-૮-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ અમદાવાદ (ફતેપુર) નિવાસી આનંદીબેન બાબુલાલ મહેતાનું તા. ૨૦-૮-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ પાર્લા-મુંબઈ નિવાસી રાજેન્દ્રભાઈ તેજકરણજી દોશીનું તા. ૨૦-૮-૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ વીંછિયા નિવાસી (હાલ રાજકોટ) કુસુમબેન ચીમનલાલ શાહનું તા. ૨૧-૮-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ માટુંગા (મુંબઈ) નિવાસી શ્રીમતી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ ભાલાણી (ઉ.વ. ૮૬)નું તા. ૨૩-૮-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓશ્રી ગુરુદેવશ્રી પ્રરૂપિત સિદ્ધાંતોમાં અહર્નિશ શ્રદ્ધા ધરાવતા હતા.

✻ સુરત નિવાસી શ્રી સુબોધભાઈ મનમોહનદાસ ગાંધી (ઉ.વ. ૭૨)નું તા. ૨૩-૮-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : | અષ્ટપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

❋ **દશલક્ષણપર્યુષણ પર્વ :—**ભાદરવા સુદ ૫, રવિવાર તા. ૮-૯-૨૦૨૪ થી મંગળવાર તા. ૧૭-૯-૨૦૨૪ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુપણ પર્વ શ્રી દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એ જ રીતે તા. ૧૫-૯-૨૦૨૪ રવિવારથી તા. ૧૭-૯-૨૦૨૪ મંગળવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

❋ **ઉત્તમ ક્ષમાવણી પર્વ :—**ભાદરવા વદ-૧, બુધવાર તા. ૧૮-૯-૨૦૨૪ના દિવસે ક્ષમાવણી પર્વ સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

### શ્રી કહાનગુરુ જનકલ્યાણ ટ્રસ્ટ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત શ્રી કહાનગુરુ જનકલ્યાણ ટ્રસ્ટ (રજીસ્ટર્ડ 80G ઈન્કમટેક્સ નીચે) ચાલે છે. સોનગઢમાં રહેતા મુમુક્ષુઓને સામાન્ય બિમારી માટે બહારગામ જવું ન પડે તે હેતુથી દવાખાનુ શરૂ કરવામાં આવેલ છે આ દવાખાનાનું ઉદ્‌ઘાટન મુખ્ય દાતાર સરલાબેન સુરેશભાઈ સંઘવી (તેમના પતિ સુરેશભાઈ સંઘવીના સ્મરણાર્થે) દ્વારા કરવામાં આવેલ છે. આ ટ્રસ્ટમાં ઘણા મુમુક્ષુઓએ દાનની જાહેરાત કરેલ છે. હજુ પણ જેમને દવાખાના માટે દાનરાશી લખાવવી હોય તેમણે શ્રી નરેન્દ્રભાઈ શાહ સાથે Whats app No. 9228901187 ઉપર સંપર્ક કરી શકે છે.

## આત્મધર્મ સંબંધી અગત્યની સૂચના

આપ અમારા મુમુક્ષુ છો. આત્મધર્મ ગુજરાતી અંક તમને ઘણા સમયથી મોકલીએ છીએ. હવે ટ્રસ્ટે નક્કી કરેલ છે કે જે ગ્રાહક ૧૫ વર્ષથી વધુ સમયના છે તેમને આગલા મહિનેથી અંક મોકલવાનું બંધ કરવામાં આવશે. જો તેમણે આત્મધર્મ અંક ફરીથી ચાલુ કરવો હોય તો તેઓ આત્મધર્મ કાર્યાલયને એક સંમતિપત્રક મોકલશો તો તમને બીજા ૫ વર્ષ માટે રીન્યુ કરી આપવામાં આવશે.

આ ઉપરાંત જેઓને ફીઝીકલ કોપી ન જોઈતી હોય તો તેમને **email** અથવા **whatsapp** પર **PDF** ફાઈલ મોકલવામાં આવશે. માટે તમે તમારો વ્યવસ્થિત જવાબ આપશો તે મુજબ તમારો સંતોષ કરવામાં આવશે.

તમારું સંમતિપત્ર આત્મધર્મ કાર્યાલય અથવા **email** કે **Whatsapp** પર મોકલી શકો છો.

આત્મધર્મ કાર્યાલય,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (જિ. ભાવનગર)

**email contact@kanjiswami.org**
**Whatsapp No 9276867578**

## સંમતિપત્ર

પ્રતિ શ્રી આત્મધર્મ કાર્યાલય

આથી હું ........................................................................................ જણાવું છું કે અમારે ત્યાં આપના દ્વારા મોકલવામાં આવતા આત્મધર્મ અંકનું અમે નિયમિત વાંચન/ સ્વાધ્યાય કરીએ છીએ. તથા કોઈ પ્રકારનો અવિનય અશાતના અમારા દ્વારા થતી નથી. તેથી અમારા માટે આત્મધર્મ અંક રીન્યુ કરવા વિનંતી છે.

આત્મધર્મ ફિઝીકલ /**email** / **whatsapp** ....................... દ્વારા અમને મોકલશો.

ગ્રાહક નંબર : ..................

નામ : ..............................................................

સરનામું : ..........................................
..........................................
...........................................

સંપર્ક નં. : ...............................

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● ચૈતન્ય ચૈતન્યમાં એકાગ્ર થતાં ભેદપણું રહેતું નથી. આ એક જ શ્લોકમાં (૨૭૮ કળશમાં) અનાદિનું અજ્ઞાન છે તે અને તેનો અભાવ કેમ થાય તે વાત કરી છે. દોરાનો ફાળકો ગૂંચવાણો હોય અને ગાંઠ પડી ગઈ હોય. પણ તે ગૂંચ કાઢતાં ગાંઠ રહેતી નથી તેમ આત્માની પર્યાયમાં અજ્ઞાનરૂપી ગૂંચ ઊભી થઈ હતી તે જ્ઞાનથી ઉકેલી નાખી પછી તે કાંઈ છે જ નહીં. અંશ બુદ્ધિમાં રાગ-દ્વેષ અજ્ઞાન વગેરે ભાસતા હતા. પણ સ્વભાવબુદ્ધિ થતાં તે કાંઈ ભાસતું નથી. આમાં મોક્ષમાર્ગ સમાવી દીધો છે. હજારો શાસ્ત્રોનો આ સાર છે. ૬૫૧.

● આત્મખ્યાતિ ટીકાને જે સાંભળે છે અને વાંચે છે તેને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ થાય છે અને મોહનો નાશ થાય છે, પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે મુમુક્ષુઓએ આનો નિરંતર અભ્યાસ કરવા યોગ્ય છે. જેને 'ચિદાનંદ જ્ઞાતા હું છું' એને સમજવાની દરકાર છે, રુચિ છે, અને ભાવ છે એવા મુમુક્ષુઓએ આ આત્મખ્યાતિ ટીકા એટલે ચૈતન્યસ્વભાવનો વારંવાર અભ્યાસ કરવો. સમયસાર અભેદ આત્માને બતાવનાર છે માટે નિરંતર એનો અભ્યાસ કરવો યોગ્ય છે. ૬૫૨

● જ્યાં સુધી જ્ઞાનમાં તત્ત્વની અયથાર્થતા છે ત્યાં સુધી તેને તત્ત્વમાં જમાવટ થતી નથી. જ્ઞાનની વિપરીતતામાં આત્માની એકાગ્રતાની જમાવટ થતી નથી. તેથી કહે છે કે જ્ઞાનાનંદ આત્મા છે. તેની રુચિ કરો અને તેનું નિરીક્ષણ કરો. ૬૫૩.

● વ્યવહાર રત્નત્રય શુભરાગ છે. નિમિત્ત પર છે. તેને જુદા જાણી, શુદ્ધાત્માને ઉપાદેયપણે નિરંતર અંગીકાર કરવો તે આ સમયસાર અને દ્વાદશાંગનો સાર છે. ત્રિકાળી ચિદાનંદનું આલંબન જ મોક્ષનું કારણ છે. ત્રિકાળ ધ્રુવશક્તિ કારણપરમાત્મા તે જ એક ઉપાદેય છે. પરાશ્રય રાગ, વ્યવહાર રત્નત્રયને વીતરાગ ધર્મનું કારણ માને તેને ધર્મ નથી પણ મિથ્યાત્વનો આસ્રવ છે. ૬૫૪.

● ધર્મીને અન્ય ધર્મી પ્રત્યે પ્રેમ ઊછળતો નથી, સમ્યગ્દષ્ટિને સાચા ગુરુ પ્રત્યે કે સાધર્મી પ્રત્યે પ્રેમ આવ્યા વિના રહે નહીં. તે દ્વેષ કરે નહીં. મારી આબરૂ કરતાં આની આબરૂ વધી ગઈ એમ દ્વેષ કરે નહીં. શિષ્ય કદાચ વહેલો મોક્ષે જાય તોપણ ગુરુને દ્વેષ થાય નહીં. જેમ જેને પોતાના દીકરા ઉપર પ્રેમ હોય ને તે પૈસામાં વધી જાય તો તેના પ્રત્યે દ્વેષ કરે નહીં. ઉલટો પ્રેમ અને ઉલ્લાસ બતાવે છે તેમ શિષ્યની દશા વધતી જાણી તેના ઉપર ધર્માત્માને દ્વેષ થતો નથી. ૬૫૫.

Posted at Songadh PO
Publish on 1-09-2024
Posted on 1-09-2024

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org